કઈ રીતે કરશો સંજોગ ન્યુઝની એપ્લેકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યુઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 205 | AD-2022, Chaitra Vad-14, Friday, Dt. 29-04-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### નિલકંઠ જ્વેલર્સ લાવી રહ્યું છે અમરેલીમાં સૌપ્રથમ વખત લાઇમલાઇટ લેબ ગ્રોન ડાયમંડ સ્ટડેડ જ્વેલરીનું સ્પેશ્યલ એક્ઝીબિશન

# આત્મનિર્ભર ભારતના સ્વપ્નને ચમકાવે છે લેબ ગ્રોન ડાયમંડ્સ

ભારત માટે સમય ફરી બદલાઈ રહ્યો છે. સમગ્ર વિશ્વમાં લેબમાં ઉગાડવામાં આવતા હીરાઓ (લેબ ગ્રોન ડાયમંડ્સ) ની વધતી જતી લોકપ્રિયતા વધી રહી છે. ભારત વિશ્વમાં ટાઈપ IIa CVD હીરાના અગ્રણી ઉત્પાદક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે. સીવીડી (કાર્બન વેપર ડિપોઝિશન) ટેક્નોલોજી, જે સ્વદેશી રીતે વિકસિત અને સંપૂર્ણપણે ભારતમાં બનેલી છે તેના કારણે ભારત હવે માત્ર મેન્યુફેક્ચરિંગ જ નહિ પરંતુ ડાયમંડના નિર્માણના વૈશ્વિક હબ તરીકે પણ ઉભરી રહ્યું છે.

લેબ ગ્રોન ડાયમંડ એકદમ વાસ્તવિક છે પરંતુ સાથે સાથે તેઓ પૃથ્વીને અનુકૂળ છે, કારણ કે તેમને ખોદીને કાઢવામાં આવતા નથી પરંતુ તેના બદલે પ્રયોગશાળામાં બરાબર એવી જ રીતે ઉગાડવામાં આવે છે. તેઓ સમાન કાર્બન રચના, ગુણધર્મો અને લાક્ષણિકતાઓ ધરાવે છે અને પૃથ્વીને ખાણકામની તોડફોડથી મુક્ત રાખે છે. પરિણામે, આ હીરા સંઘર્ષ મુક્ત, પર્યાવરણને અનુકૂળ છે અને પૃથ્વીના ઘટતા સંસાધનો, ખાસ કરીને જમીન અને પાણીને ટકાવી રાખવામાં મદદ કરે છે.

આ આઈવીએફ ટેક્નોલોજી અને ટેસ્ટ ટ્યુબ બેબીના વિચારને સમકક્ષ છે, જ્યાં ડીએનએ સમાન રહે છે પરંતુ રચનાનું વાતાવરણ અલગ છે. તે છતાં ટેસ્ટ ટ્યૂબ બેબી ને ફેક કે આર્ટિફિશ્યલ ના કહીએ શકાય.

બેઈન એન્ડ કંપનીનો તાજેતરનો ડાયમંડ ઈન્ડસ્ટ્રી રિપોર્ટ ૨૦૨૧ દર્શાવે છે કે લેબમાં ઉગાડવામાં આવતા હીરાનું વૈશ્વિક ઉત્પાદન દર વર્ષે ૭ મિલિયન કેરેટને વટાવી ગયું છે. તેમાંથી, ભારત દર વર્ષે લગભગ ૧.૫ મિલિયન કેરેટના સીવીડી હીરાના ઉત્પાદનના ચાર્ટમાં અગ્રેસર છે, જે યુએસએ, યુરોપ અને મધ્ય પૂર્વ, રશિયા અને સિંગાપોરના એકંદર ઉત્પાદન સ્તર કરતાં પણ વધુ છે.

આ જંગી ઉત્પાદન વોલ્યુમોના પરિણામે ભારત માટે આ વર્ષે નિકાસમાં ઝડપી વૃદ્ધિ થઈ છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના અહેવાલ મુજબ, પોલિશ્ડ લેબ-ગ્રોન ડાયમંડ્સની નિકાસ ગયા વર્ષે INR ૫,૧૭૫ કરોડ હતી તેની સરખામણીએ FY૨૦૨૨માં લગભગ બમણી થઈને INR ૯,૭૬૪ કરોડ થઈ હતી.



ભારતમાં લેબ ગ્રોન ડાયમંડ ઉદ્યોગના ઉત્ક્રાંતિના અગ્રણી, શ્રી બકુલ લિમ્બાસિયા અમરેલી ગામના જ છે. તે ભારતમાં સીવીડી ડાયમંડ ટેક્નોલોજી વિકસાવનાર અગ્રણી ટેક્નોક્રેટ અને ભારતમાં ઉત્પાદિત ૧.૫ મિલિયન કેરેટમાંથી લગભગ ૮૦% ઉત્પાદન માટે જવાબદાર છે.

ભારતમાં લેબ ગ્રોન હીરા ઉદ્યોગના સામાન્ય રીતે ભીષ્મ પિતામહ (જનક અથવા સર્જક) તરીકે ઓળખાતા શ્રી લિમ્બાસિયા ભારતમાં લેબ ગ્રોન ડાયમંડના ઉદ્યોગને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવતા રહ્યા છે. જંગી જથ્થાનું ઉત્પાદન કરીને, તેઓ એવું સાબિત કરવામાં સફળ રહ્યા છે કે ભારત માત્ર એક મેન્યુફેક્ચરિંગ હબમાંથી હીરાના, તે પણ શ્રેષ્ઠ ગુણવત્તાવાળા હીરાઓના સૌથી મોટા નિર્માતાઓ પૈકીનું એક બની શકે છે. ''ભારત માટે આ માત્ર શરૂઆત છે. નાણાકીય વર્ષ ૨૦૨૧એ ભારતીય લેબ ગ્રોન ઉદ્યોગ માટે ફરી એક મજબૂત વર્ષ સાબિત થયું છે, જેમાં નિકાસમાં વર્ષથી વર્ષ ૧૦૮% વધારો થયો છે, જે મૂલ્યમાં INR ૯,૦૦૦ કરોડને પાર કરી ગયું છે. આગળ જતાં, ઉદ્યોગ નિકાસમાં વધુ મજબૂત વૃદ્ધિ જોશે, કારણ કે વૈશ્વિક અર્થતંત્રો સુધરશે અને ગ્રાહક માંગમાં નોંધપાત્ર વધારો થશે. અને વિશ્વભરમાં ઉદ્યોગને વધુ આકાર આપવામાં ભારતની વિશાળ ભૂમિકા રહેશે, કારણ કે CVD ની ઉત્પાદન શક્તિ સાથે ભારતની ડાયમંડ મેન્યુફેક્ચરિંગ શક્તિ ઉપરાંત સૌથી મોટી યુવા વસ્તી હોવાના કારણે વિશાળ વપરાશની ક્ષમતા ધરાવે છે,'' એમ શ્રી લિમ્બાસિયા કહે છે.




૨૦૧૫માં પ્રકાશિત, ફ્રોસ્ટ એન્ડ સુલિવાન અહેવાલે જણાવ્યું હતું કે, સંસાધનોની મર્યાદાને કારણે, ૨૦૩૦ સુધીમાં ખનન કરાયેલા હીરાઓનો પુરવઠો ઘટીને 62m કેરેટ થશે જ્યારે માંગમાં વધારો થશે, જેનાથી લગભગ 160m કેરેટની ખાધ રહેશે. શ્રી લિંબાસિયા કાચા હીરાની માંગ અને ખનનથી નીકળેલા હીરાઓના ઘટતા પુરવઠા વચ્ચેના આ વિશાળ તફાવતને દસ વર્ષમાં લેબમાં ઉગાડવામાં આવતા સીવીડી હીરાઓથી ભરવાની તક તરીકે જુએ છે. ભારત આજે સીવીડી હીરાઓનું અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર હોવાથી, તેને આ પરિસ્થિતિનો લાભ મળવાનો છે.

**પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલા હીરા- નવયુવાનોની નવી પસંદગી.**

રસપ્રદ વાત એ છે કે, લેબ ગ્રોન હીરાની નવી પેઢી તરફથી સૌથી વધુ માંગ છે અને ઐતિહાસિક રીતે નવી પેઢીના યુવાનો ખાણમાંથી નીકળેલા હીરાઓના સૌથી મોટા ખરીદદારો હતા. અને હંમેશા વધતા જતા પર્યાવરણીય જોખમો અને ખાણો ખાલી થઈ રહી હોવાથી ગ્રાહકો હીરાઓની ખરીદીમાં સાવચેત રહેવા લાગ્યા છે. તેઓ હવે તેમના ઝવેરાતમાં સૌંદર્ય અને દુર્લભતા પર જ ધ્યાન કેન્દ્રિત નથી કરતા, પરંતુ તેમને જવાબદારીપૂર્વક પ્રાપ્ત કરવામાં આવ્યા છે કે નહિ તેની પણ તેઓ ખાતરી કરવા માંગે છે. આ મૂલ્યોને કારણે લેબ ગ્રોન હીરાઓની માંગમાં વધારો થયો છે અને તે વધવાની જ શક્યતા છે.

ગ્રાહકોના વર્ગમાં લેબ ગ્રોન ડાયમંડ્સની પહેલનું નેતૃત્વ લાઈમલાઈટ લેબ ગ્રોન ડાયમંડ્સ કરે છે, જે ભારતની સૌથી મોટી લક્ઝરી બ્રાન્ડ છે જે ઈકો-ફ્રેન્ડલી સીવીડી ડાયમંડ જડિત જ્વેલરી ઓફર કરે છે. હૈદરાબાદ, કોલકાતા, અમદાવાદ, મુંબઈ અને ગોવામાં ૨૦થી વધુ રિટેલર ભાગીદારો અને ૩૫ સહયોગી ભાગીદારો સાથે આ બ્રાન્ડ ભારતીય જ્વેલરી માર્કેટમાં મજબૂત રીતે વ્યાપ વધારતી રહી છે.

''ભારતમાં લેબ ગ્રોન ડાયમંડ્સ અંગે જાગૃતિ ઝડપથી ફેલાઈ રહી છે. ગ્રાહક હવે ખનન વિનાના આ વાસ્તવિક હીરાઓ અંગે વધુ શિક્ષિત છે. પર્યાવરણને અનુકૂળ છતાં પોસાય તેવા રત્ન તરીકે પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલા હીરાઓનું અનન્ય અને સ્વતંત્ર વ્યક્તિત્વ નવયુવાન ગ્રાહકોમાં ખૂબ જ સારી રીતે સ્વીકૃત છે અને સમગ્ર ભારતમાં લેબ ગ્રોન ડાયમંડ્સ જડિત જ્વેલરીના વેચાણમાં તે વધુને વધુ પ્રતિબિંબિત થઈ રહ્યું છે.'' એમ લાઈમલાઈટના એમડી અને સ્થાપક સુશ્રી પૂજા શેઠ કહે છે.

### પ્રધાનમંત્રીના હસ્તે સાત નવી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ, સુરક્ષા પ્રોટોકોલને તોડી પ્રધાનમંત્રીએ બાળકો સાથે હાથ મીલાવ્યા

# આસામમાં હવે બોમ્બ નહીં પરંતુ તાળીઓનો અવાજ : મોદી

(એ.આર.એલ),ડિબ્રુગઢ,તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંતિ, એકતા અને વિકાસ રેલીમાં ભાગ લેવા માટે આસામ પહોંચ્યા હતાં તેઓએ અહીં કાર્બી આંગલોંગ જિલ્લાના દીફુમાં અમૃત સરોવર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને અહીં ૭ નવી કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ પણ કર્યો હતો. આ પ્રસંગે સ્ટેજ પર પહોંચતાં પહેલાં વડાપ્રધાને સુરક્ષા પ્રોટોકોલને તોડીને ત્યાં હાજર લોકો અને બાળકો સાથે હાથ પણ મિલાવ્યા હતા. સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આસામમાં સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે કરાર થયો હતો. એને વાસ્તવિક રૂપ આપવાનું કામ થઈ રહ્યું છે. ભાજપની ડબલ એન્જિન સરકાર યુવાઓને નવી તક આપવા કટિબદ્ધ છે. આસામમાં ૨૬૦૦થી વધુ અમૃત સરોવર બનાવવાનું કામ ચાલી રહ્યું છે, તે લોકોની ભાગીદારીથી થઈ રહ્યું છે.

૨૦૧૪ પછી નોર્થ ઈસ્ટમાં મુશ્કેલ કામ થઈ રહ્યાં છે. લોકોનો વિકાસ થઈ રહ્યો છે. આજે કોઈ આસામના જનજાતીય ક્ષેત્રોમાં આવે છે, નોર્થ ઈસ્ટના બીજા રાજ્યોમાં જાય છે, તો સ્થિતિમાં આવેલા પરિવર્તનને જોઈને તેને પણ સારુ લાગે છે. તમે મને સમજ્યો અને દિલથી સમજ્યો. તમારા સપના પુરા કરવા માટે તમે પણ લાગ્યા છો અને અમે પણ લાગ્યા છીએ, સાથે મળીને પુરા કરીશું.

આસામમાં જેમ-જેમ શાંતિ પરત ફરી રહી છે, તેમ-તેમ નિયમોને પણ બદલવામાં આવી રહ્યાં છે. આ કારણે જ અમે આફસ્પા (આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એક્ટ)માં ઘટાડો કર્યો છે. નોર્થ ઈસ્ટમાં હિંસાની ઘટનામાં ૭૫ ટકાનો ઘટાડો આવ્યો છે. લાંબા સમય સુધી આફસ્પા નોર્થ ઈસ્ટના અનેક રાજ્યોમાં રહ્યો છે.

જોકે છેલ્લા ૮ વર્ષ દરમિયાન સ્થાઈ શાંતિ અને સારી કાયદો વ્યવસ્થા લાગુ થવાના કારણે અમે આફસ્પાને નોર્થ ઈસ્ટના ઘણા ક્ષેત્રોમાંથી હટાવી દીધો છે. સબકા સાથ, સબકા વિકાસની ભાવનાની સાથે આજે સીમા સાથે જોડાયેલા મામલાનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. આસામ અને મેઘાલયની વચ્ચે થયેલી સહમતી બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી સમગ્ર ક્ષેત્રમાં વિકાસની આકાંક્ષાઓને બળ મળશે.



મોદીએ કહ્યું કે જ્યારે હથિયાર નાંખીને જંગમાંથી પરત ફરતા જવાનોને પોતાના પરિવારની સાથે પરત ફરતા જોઈને અને જ્યારે તે માતાઓની ખુશીઓનો અનુભવ કરુ છું તો મને આશીર્વાદની અનુભૂતિ થાય છે. બોડો અર્કોડ હોય કે પછી કાર્બી આંગલોંગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નન્સ પર અમે ખૂબ જ ભાર આપ્યો છે. કેન્દ્ર સરકારનો છેલ્લા ૭-૮ વર્ષથી સતત એ જ પ્રયત્ન રહ્યો છે કે સ્થાનિક શાસનની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શકતા રાખવામાં આવે.

તેમણે કહ્યું કે જ્યારે પણ અહીં આવવાની તક મળી તમારા લોકોનો અપાર સ્નેહ અને પ્રેમ મળ્યો. આ સાથે જ રાજ્ય સરકારે પીએમ મોદીના પ્રવાસ માટે સુરક્ષાની વ્યાપક વ્યવસ્થા કરી હતી. તેમણે કહ્યું કે આ સુખદ સંયોગ છે કે આજે જ્યારે દેશ આઝાદીના અમૃત મહોત્સવને ઉજવી રહ્યો છે, ત્યારે આપણે આ ધરતીના મહાન સપૂત લચિત બોરફૂકાનની ૪૦૦મી જન્મજયંતિ પણ ઉજવી રહ્યા છીએ. તેમનું જીવન રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રશક્તિની પ્રેરણા છે. તેમણે કહ્યું કે કાર્બી આંગલોંગથી દેશના આ મહાન નાયકને હું નમન કરું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્બી આંગલોંગમાં માંજા પશુ ચિકિત્સા મહાવિદ્યાલય, વેસ્ટ કાર્બી આંગલોંગ કૃષિ મહાવિદ્યાલય, અમ્પાની વેસ્ટ કાર્બી આંગલોંગ ગવર્નમેન્ટ કોલેજ સહિત ઘણી યોજનાઓની આધારશિલા રાખી.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ભાજપની ડબલ એન્જીનની સરકાર જ્યાં પણ હોય, ત્યાં સબકા સાથ- સબકા વિકાસ- સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસની ભાવનાથી કામ કરે છે. આજે આ સંકલ્પ કાર્બી આંગલોંગની ધરતી પર ફરીથી સશક્ત થયો છે. આજે જે શિલાન્યાસના કાર્યક્રમ થયા છે, તે ફક્ત કોઈ બિલ્ડીંગનો શિલાન્યાસ નથી, આ અહીંના નવયુવાનોના ઉજ્જ્વળ ભવિષ્યનો શિલાન્યાસ છે. ઉચ્ચ શિક્ષણ માટે અહીં યોગ્ય વ્યવસ્થા થતાં હવે ગરીબથી ગરીબ વ્યક્તિ પણ પોતાના બાળકોને સારું શિક્ષણ આપી શકશે.

પીએમ મોદીએ કહ્યું 'અસમની સ્થાયી શાંતિ અને ઝડપી વિકાસ માટે જે કરાર થયા છે. તેને જમીન પર ઉતારવાનું કામ આજે તેજ ગતિએ ચાલી રહ્યું છે. હથિયાર મૂકીને જે સાથી રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં પરત ફર્યા છે, તેના પુનર્વાસ માટે પણ સારું કામ કરવામાં આવી રહ્યું છે. તમે બધા ગત દાયકામાં એક લાંબા સમયથી ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થયા છો. પરંતુ ૨૦૧૪ બાદ નોર્થ ઈસ્ટમાં મુશ્કેલીઓ સતત ઓછી થવા લાગી છે, લોકોનો વિકાસ થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજે આખો દેશ જોઈ રહ્યો છે કે ગત વર્ષોમાં હિંસા, અરાજકતા અને અવિશ્વાસની દાયકાઓ જૂની સમસ્યાઓનું કેવી રીતે સમાધાન કરવામાં આવી રહ્યું છે. પહેલાં જ્યારે આ ક્ષેત્રની ચર્ચા થતી હતી, તો ક્યારેક બોમ્બ અને ક્યારેક ગોળીઓનો અવાજ સંભળાતો હતો. પરંતુ આજે તાળીઓ ગૂંજી રહી છે. તેમણે કહ્યું કે 'નોર્થ ઈસ્ટમાં સરકાર અને સમાજના સામૂહિક પ્રયાસોથી શાંતિ પરત ફરી રહી છે.'

તેમણે કહ્યું કે 'સબકા સાથ, સબકા વિકાસની ભાવના સાથે આજે સીમા સાથે જોડાયેલા મુદ્દાઓનું સમાધાન શોધવામાં આવી રહ્યું છે. અસમ અને મેઘાલયની વચ્ચે બનેલી સહમતી બીજા મામલાઓને પણ પ્રોત્સાહિત કરશે. તેનાથી આ સમગ્ર ક્ષેત્રના વિકાસની આકાંક્ષાઓને બળ મળશે. બોડો એકોર્ડ અથવા પછી કાર્બી આંગલોંગનો કરાર, લોકલ સેલ્ફ ગવર્નન્સ પર અમે ખૂબ ભાર મુક્યો છે. કેન્દ્ર સરકાર ગત ૭-૮ વર્ષથી સતત પ્રયાસ કરી રહી છે કે સ્થાનિક વહિવટીતંત્રની સંસ્થાઓને સશક્ત કરવામાં આવે, વધુ પારદર્શી બનાવવામાં આવે.'










# સેવાના ભેખધારી ચંદુભાઈ સંઘાણીના નિધનથી શોક

અમરેલી તા.૨૮

અમરેલી જિલ્લાના સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીના નાનાભાઈ અને અ.જી.મ.સ. બેંકના એમ.ડી. ચંદુભાઈ સંઘાણીનું આકસ્મિક નિધન થતાં અમરેલી સહિત સમગ્ર જિલ્લામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. સ્વ. ચંદુભાઈ સંઘાણી અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતાં. જેમાં ખાસ કરીને તેઓને 'ચકલી બચાઓ' અભિયાનના પ્રણેતા કહી શકાય. ચકલી બચાવવા માટે અનેક માળાઓનું વિનામૂલ્યે વિતરણ કર્યુ હતું. તેમજ તાજેતરમાં અમરેલી શહેરમાં આવેલા મહિલા વિકાસ ગૃહની નિરાધાર બાળાના ધામધૂમથી લગ્ન કરી પિતા કરતા પણ સવાયો પ્રેમ આપી પોતાની સગી દીકરીની જેમ સાસરે વળાવી હતી. સ્વ.ચંદુભાઈ





સંઘાણીએ અચાનક વિદાય લેતા સંઘાણી પરિવાર તેમજ મિત્ર વર્તુળમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ચંદુભાઈ સંઘાણીના નિધનના સમાચાર મળતાં જ મહિલા વિકાસ ગૃહની બાળાઓ પણ રડી પડી હતી. ચંદુભાઈ સંઘાણીની સ્મશાન યાત્રામાં નારણભાઈ કાછડીયા, કૌશીકભાઈ વેકરીયા, જે.વી. કાકડીયા, વિરજીભાઈ ઠુંમર, અશ્વિનભાઈ સાવલીયા, ડી.કે. રૈયાણી, લોક સાહિત્યકાર માયાભાઈ આહીર સહિતના સામાજિક, રાજકીય અગ્રણીઓ અશ્રુભીની આંખે જોડાયા હતાં. આગેવાનોએ કાળુભાઈ સંઘાણી, દિલીપભાઈ સંઘાણી, જયંતીભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી, જયસુખભાઈ સંઘાણી તેમજ સંઘાણી પરિવારને સાંત્વના પાઠવી હતી. સદ્‌ગત ચંદુભાઈ સંઘાણીનું બેસણું - પ્રાર્થનાસભા તા.૩૦ ને શનિવારના રોજ બપોરના ૨ થી ૬ કલાકે ખેડૂત તાલીમ કેન્દ્ર - લીલીયા રોડ અમરેલી ખાતે રાખેલ છે.

# રાજુલામાં રસ્તાના કામ અધુરા છોડી દેવાતા શહેરીજનોમાં રોષ

રાજુલા તા.૨૮

રાજુલામાં રસ્તાના કામો શરૂ કરવામાં આવતાં શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. પરંતુ ચાલુ થયેલા રસ્તાના કામો અધુરા છોડી દેવામાં આવતાં શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. શહેરના ભેરાઈ રોડ, જાફરાબાદ રોડ,


તસવીર : અમરૂભાઈ બારોટ

સુરેલીયા રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં ૨૫ જેટલા રસ્તાઓ પર માત્ર પથ્થરો જ નાખી દેવામાં આવતાં વાહનચાલકો પણ ભારે મુશ્કેલી અનુભવી રહ્યાં છે. રસ્તા ચાલુ કરવા માટે કોન્ટ્રાકટરો રેતી નથી, મજૂર નથી એવા બહાના કાઢી રહ્યાં છે ત્યારે રસ્તાના કામો અધુરા છોડનાર કોન્ટ્રાકટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# આંબલીયાળા ગામમાં સરપંચના હસ્તે ગ્રામ પંચાયતનું લોકાર્પણ

અમરેલી તા.૨૮

આંબલીયાળા ગામે ગ્રામજનોની સુવિધા માટે સરપંચ ભાવેશભાઈ જાદવના હસ્તે ગ્રામ પંચાયતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોના વર્ષો જુના પડતર પ્રશ્નોનું નિરાકરણ થતાં આનંદ છવાયો છે. ગ્રામ પંચાયતનો પ્રશ્ન



હલ કરવા બદલ નારણભાઈ કાછડીયા, કૌશીકભાઈ વેકરીયા, હિરેનભાઈ હિરપરા, હિરાભાઈ સોલંકી, વિપુલભાઈ શેલડીયા, અરવિંદભાઈ ચાવડા, નરેન્દ્રભાઈ ફીંડોળીયા, આનંદભાઈ ભટ્ટ, પ્રેમજીભાઈ સેંજલીયાનો આભાર માનવામાં આવ્યો હતો. લોકાર્પણ પ્રસંગે ગ્રામપંચાયતના સદસ્યો, તલાટી મંત્રી સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજુલાના જાપોદર ગામે ગૌ સેવા પર્યાવરણ ચેતનાનું સ્વાગત કરાયું

રાજુલા તા.૨૮

રાજુલાના જાપોદર ગામે સરપંચ મનુભાઈ ધાખડા દ્વારા ગૌ-સેવા પર્યાવરણ ચેતનાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા ભારત દેશમાં પરિભ્રમણ કરશે. રાજસ્થાનના હલ્દીઘાટીથી શરૂ થયેલી આ યાત્રા ૧૯૦૦૦ ગામ અને શહેરોમાં ફરશે. ૯૦ હજાર કિલોમીટર ચાલનારી આ યાત્રાનું ગ્રામજનોએ ઉમળકાભેર



સ્વાગત કર્યુ હતું. યાત્રામાં પધારેલ દીદીએ ગાયને માતા સમજવી જોઈએ તેમ જણાવી કથા કરી હતી.

# દામનગર લટુરિયા હનુમાનજી મંદિર ખાતે રક્તદાન કેમ્પ યોજાશે

દામનગર તા.૨૮

દામનગર લટુરિયા હનુમાનજી મંદિર ખાતે ચાલી રહેલી ભાગવત કથામાં હઠયોગી ઘનશ્યામગીરીબાપુની રક્તતુલા કરવા માટે સેવક સમુદાય દ્વારા આગામી તા.૩૦ને શનિવારના રોજ સવારના ૭:૩૦ કલાકથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કથાના સમાપન પ્રસંગે ટીંબી માનવ



સેવા ટ્રસ્ટ હોસ્પિટલના દર્દીઓ માટે આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# જિજ્ઞેશ મેવાણીના સમર્થનમાં બગસરા મામલતદારને આવેદન

અમરેલી તા.૨૮

વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની આસામ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવતાં આ ઘટનાના રાજ્ય કોંગ્રેસમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીના સમર્થનમાં શહેર કોંગ્રેસના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી સરકારની કામગીરી સામે ઉગ્ર



વિરોધ નોંધાવ્યો હતો અને જિજ્ઞેશ મેવાણીને તાત્કાલિક મુક્ત કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# બગસરામાં વલ્લભાચાર્યનો ૫૪૫-મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

અમરેલી તા.૨૮

બગસરામાં વૈષ્ણવ સંપ્રદાયના વલ્લભાચાર્યના ૫૪૫-મા પ્રાગટ્ય ઉત્સવની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી હતી. સવિતાબેન શાંતિલાલ કેસરીયા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા પુ. ૧૦૮ વ્રજ વલ્લભબાવા બીલખાવાળાના સાનિધ્યમાં અને તેની આજ્ઞા મુજબ



હવેલીમાં પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે વિવિધ મનોરથ સર્વોત્તમ સ્ત્રોતના પાઠ તેમજ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ લેવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે ગોવર્ધનનાથજીની હવેલીથી ભવ્ય શોભાયાત્રા કિર્તનપદના ગાન સાથે નિકળી હતી. જેમાં મનોરથી હસુભાઈ ગણાત્રા, કાળુભાઈ કેસરીયા સાથે સમસ્ત વૈષ્ણવજન આગેવાનો જોડાયા હતાં.

# જાફરાબાદ શહેર ભાજપ કાર્યકરો દ્વારા પેજ કમિટીની બેઠક મળી

જાફરાબાદ તા.૨૮

જાફરાબાદ શહેર ભાજપ કાર્યકરો દ્વારા ટાઉનહોલ ખાતે પેજ કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યકરો દ્વારા ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ કૌશીકભાઈ વેકરીયા,


તસવીર : બાબુભાઈ વાઢેળ

નારણભાઈ કાછડીયા, હિરાભાઈ સોલંકી, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શીયાળ, પાલિકા પ્રમુખ કોમલબેન બારૈયા, સરમણભાઈ બારૈયા, ભાવનાબેન ગોંડલીયા, તાલુકા ભાજપ પ્રમુખ દિનેશભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ મનોજભાઈ ચુડાસમા, ભગુભાઈ સોલંકી, શૈલેષભાઈ વઢવાણા, બાલકૃષ્ણ સોલંકી સહિતનાઓએ ગૃપ બનાવી પેજ સર્વેનું કામ કર્યુ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# બાવળ બરવાળા ગામે ચણા મુદ્દે ખેડૂત પર છરીથી જીવલેણ હુમલો

વડિયા, તા.૨૮

વડિયા તાલુકાના બાવળ બરવાળા ગામે રહેતા જસમતભાઈ નાનજીભાઈ ડોબરીયા (ઉ.વ.૫૦)એ દિલુભાઈ સુરીગભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત મુજબ જસમતભાઈ ડોબરીયાએ દિલુભાઈ વાળાની જમીન ભાગવી વાવવા રાખી




હતી. જેમાં ચણા વાવ્યા હતા. આ ચણા ગોંડલ માર્કેટયાર્ડમાં વેચાણ કરવા મોકલ્યા હતા. જેમાંથી એક કટો ટેમ્પા ચાલકે કાઢી લીધો હોવાની શંકામાં આરોપી તેમની પાસે પૈસાની ઉઘરાણી કરતા હતા. જેના મનદુઃખમાં તેમણે ગાળો આપી પથ્થરના છુટ્ટા ઘા માથામાં મારી ગંભીર ઈજા કરી હતી તથા ટેમ્પા ચાલકને મારી નાંખવાના ઈરાદે છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેકટર એચ.જી.ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધ્રુફણીયા ગામના પાદરમાંથી વોડકા, બીયરના જથ્થા સાથે યુવક પકડાયો

દામનગર, તા.૨૮

દામનગરના ધ્રુફણીયા ગામના પાદરમાંથી ખારામાં જવાના રસ્તેથી ગઢડા તાલુકાનો એક શખ્સ મોટર સાઈકલ લઈને પસાર થતો હતો ત્યારે અટકાવી તલાશી લેતાં બીયર, દારૂનો જથ્થો મળી આવ્યો હતો. બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના નાના ઉમરડા ગામના હરપાલ રાણા (ઉ.વ.૨૨) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૪ બોટલ તથા બીટરના પાંચ ટીન મળી આવ્યા હતા. પોલીસે બાઈક સહિત કુલ ૨૫,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે. હનુમાન ખીજડીયા ગામેથી એક, સાવરકુંડલામાંથી બે અને અમરેલીમાંથી ત્રણ મળી કુલ છ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

# જનતાની પરસેવાની કમાણી ગુજરાતની ભાજપ સરકાર તાયફાઓમાં વેડફે છે : પરેશ ધાનાણી

અમરેલી, તા. ૨૮

ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ રાજ્ય સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, ગુજરાતની જનતાની પરસેવાની કમાણીના રૂપિયા ગુજરાતની ભાજપ સરકાર તાયફાઓ કરવામાં વેડફી નાખે છે. આજે સમગ્ર ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ ખુલ્લેઆમ દારૂના હાટડાઓ ચાલે છે. ગુજરાતમાં ડ્રગ્સનું રેકેટ પણ મોટાપાયે વિસ્તરી



રહ્યું છે. બળાત્કારની ઘટનાઓ વધી રહી છે તેમજ દિન પ્રતિદિન હત્યાનું પ્રમાણ વધી રહ્યું છે. આજે ગુજરાતમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યાનો રાફડો ફાટ્યો છે. ખેડૂતોને ખેતી કરવી અઘરી બની છે. ત્યારે આ ભયાનક વિકરાળ પરિસ્થિતિમાં ગુજરાતની જનતાની પરસેવાની કમાણીના નાણા ગુજરાતની ભાજપ સરકાર પોતાની સ્વ પ્રસિદ્ધિ માટે વેડફી રહી છે. ખરેખર જો ભાજપ સરકારમાં નીતિમત્તા હોય તો ગુજરાતની સળગતી સમસ્યાનું નિવારણ કરવા માટે સરકારી રૂપિયાનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ.

# રાજુલા શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા આંગણવાડીના બાળકોને ફ્રૂટ વિતરણ કરાયું



રાજુલા, તા. ૨૮

રાજુલા શહેર ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા આંગણવાડીના બાળકોને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા ભાજપ માજી પ્રમુખ વંદનાબેન મહેતા, મહિલા પ્રમુખ ભાવનાબેન બાંભણીયા, મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન કાતરીયા સહિત ભાજપ ટીમ ઉપસ્થિત રહી હતી.

# સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં ગેસ્ટ્રોલોજી નિદાન કેમ્પ

## આસપાસના ૨૦ ગામના ૧૨૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં અમદાવાદના નિષ્ણાત તબીબ દ્વારા ગેસ્ટ્રોલોજી નિદાન કેમ્પનું આયોજન કરવામાં



આવ્યું હતું. જેમાં સાવરકુંડલા તથા આસપાસના ૨૦ જેટલા ગામના ૧૨૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. લોકોએ પેટના રોગો તેમજ આંતરડા, લીવર વગેરેનું નિદાન અને સારવાર કરાવી હતી. પેટના નિષ્ણાત ડોક્ટર ડો. સમીર પાઘદાર, કિરણ હરવાણી તેમજ ડો. પ્રવિણ ચોવટીયા દ્વારા સેવા આપવામાં આવી હતી. કેમ્પના આયોજનમાં હોસ્પિટલ સુપ્રિ. ડો. મગનભાઈ પાંડવ તથા જોઈન્ટ સેક્રેટરી ભરતભાઈ જોશીનો સહયોગ મળ્યો હતો.

# ચલાલામાં નવનિયુક્ત ડીવાયએસપીનું ક્ષત્રિય સમાજના અગ્રણી દ્વારા સન્માન



ચલાલા, તા. ૨૮

ચલાલામાં નવનિયુક્ત ડીવાયએસપી હરેશભાઈ ચાંદુનું ક્ષત્રિય સમાજના અગ્રણી દાદભાઈ વાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે નિવૃત્ત પીઆઈ મધુભાઈ વાળા, મીઠાપુર સરપંચ ઉપેન્દ્રભાઈ વાળા, રતિદાદા મહેતા સહિત બહોળી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂની હળિયાદ ગામે પત્નીને તેડવા આવેલા પતિ પર સાસરિયાનો હુમલો

બગસરા, તા.૨૮

બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે પત્નીને તેડવા આવેલા પતિ પર સાસરિયા દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેને લઈ પતિએ સાસરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. હાલ રાજકોટમાં રહેતા મૂળ ચલાલાના અને સેન્ટિંગનો ધંધો કરતાં પંકજભાઈ કેશુભાઈ પરમાર (ઉ.વ.30)એ જુની હળિયાદ ગામે રહેતા વિલાસબેન, જયંતીભાઈ રામભાઈ દાફડા, અશ્વિનભાઈ, ઘનશ્યામભાઈ તથા પ્રવિણભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેઓ બે દિવસ પહેલા તેના પત્નીને સાસરે તેડવા આવ્યા હતા. તે સમયે વિલાસબેન તેમને જેમફાવે તેમ તુંકારો કરીને બોલવા લાગ્યા હતા. જ્યારે અન્ય આરોપીએ જેમ ફાવે તેમ મુંઢ માર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. પ્રવિણભાઈએ કુહાડી વડે તેમની ફોરવ્હીલના કારતથા ટાયરને નુકસાન પહોંચાડ્યું હતું.

# લાઠીના સુવાગઢ ગામે દુકાન પાસે ગાળો બોલવા મુદ્દે મુંઢ માર માર્યો

દામનગર, તા.૨૮

લાઠી તાલુકાના સુવાગઢ ગામે દુકાન પાસે ગાળો બોલવા મુદ્દે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. વિપુલભાઈ વશરામભાઈ મેર (ઉ.વ.૩૧)એ અતુલભાઈ અશોકભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અતુલભાઈ તેમની દુકાન પાસે આવીને ગાળો બોલતા હોવાથી તેમને ના પાડી હતી. જેથી સારું ન લાગતાં ઉશ્કેરાઈને તેમને ઢીકાપાટુ માર્યા હતા. જે બાદ અતુલભાઈ અશોકભાઈ બારૈયા (ઉ.વ.૨૩)એ વિપુલભાઈ વશરામભાઈ મેર સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી કે, વિપુલભાઈએ તેની દુકાન પાસે આવેલા બાકડે બેસવાની ના પાડીને ખરાબ ગાળો આપી હતી, જ્યારે અન્ય બે લોકોએ મુંઢ માર માર્યો હતો.

# અમરેલી શહેરમાં વૃદ્ધાએ માનસિક બીમારીથી કંટાળી ખુદને આગ ચાંપી

અમરેલી, તા.૨૮

અમરેલી શહેરમાં રહેતી એક વૃદ્ધાએ માનસિક બીમારીથી કંટાળી ખુદને આગ ચાંપી હતી. જેના કારણે દાઝી જતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ અંગે જાહેર થયેલી વિગત પ્રમાણે, શહેરની વૃંદાવન સોસાયટી શેરી નં-૨માં રહેતા શારદાબેન નાથાભાઈ પરવાડીયા (ઉ.વ.૭૫) માનસિક બીમારીથી પીડાતા હતા. જેનાથી કંટાળી તેમણે રૂમમાં પોતાની મેળે બાકસની દીવાસળી સળગાવી પોતાના શરીરને આગ લગાવી હતી. જેમાં પેટ તથા છાતીના ભાગે દાઝી જતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જગુભાઈ દદુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ
ગર્લ્સ પ્રવેશ ઉપરાંત ચાલુ સાલ થી બોયઝ પ્રવેશ
★ ગુજરાતનાં વેલ ક્વોલીફાઈડ - ઈંગ્લીશ મિડીયમ સ્ટાફ થી ટીચીંગ
★ સંકુલ અને બહારની સ્કૂલની ગર્લ્સને પ્રવેશ - ઉપરાંત સંકુલના ICSE - GSEB બોયઝ ને પ્રવેશ
★ બહાર ની સ્કૂલનાં હોશીયાર અને શિસ્તબધ્ધ બોયઝને શરતી પ્રવેશ
★ બપોરની શીફટ યથાવત - અલગ બિલ્ડીંગ - અલગ કેમ્પસ આયોજન
★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ★ સ્થળ:- શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬
- Ad 016







માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત
પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.
શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.
Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533
તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ
શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઈલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય/બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય
આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"
સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ " પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ " - આટકોટ

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



# બાબરા નગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ માં રૂ. ૬૦ લાખના કામોનું ખાતમુહૂર્ત કરાયું

બાબરા, તા. ૨૮

બાબરા નગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં. ૧માં શ્રીજીનગર સોસાયટી અને રાજગોર જ્ઞાતિની વાડીવાળી સોસાયટીમાં રૂ. ૬૦ લાખના ખર્ચે રોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવતા આ વિસ્તારના રહીશોમાં ખુશી જોવા મળી હતી. વોર્ડ નં. ૧ના સદસ્યોના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આ



તકે બાબરા નગરપાલિકાના પ્રમુખ લલીતભાઈ આંબલીયા, કારોબારી ચેરમેન ભૂપતભાઈ બસીયા, બાબરા તાલુકા ભાજપ યુવા અગ્રણી અજીતભાઈ ખોખરીયા, સુરેશભાઈ ભાલાળા, હરેશભાઈ આખજા, સવજીભાઈ બાંભવા, રાજુભાઈ રંગપરા, રમેશભાઈ સાંગડીયા, રસીકભાઈ ગોજારીયા, નરૂભાઈ ત્રિવેદી, ધર્મેશભાઈ વાવડીયા, બાવકુભાઈ બસીયા, મુળદાદા તેરૈયા, જીજ્ઞાશાબેન શકોરીયા, શંભુલાલ પાંચાણી, ટીકુભાઈ દેસાઈ, ભાવેશભાઈ આસોદરીયા, રાજુભાઈ રાતડીયા, સંજયભાઈ ખાચર, ભૂપતભાઈ જેબલીયા, વિભાભાઈ સુવાળા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજયના જયઘોષ સાથે જિલ્લા કોંગ્રેસ દ્વારા તાલીમ શિબિર યોજાઇ

અમરેલી, તા. ૨૮

આવનાર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજયના જનઘોષ સાથે અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા પટેલવાડી, ગજેરાપરા ખાતે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એઆઈસીસી કો-ઈન્ચાર્જ અને સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રામકિશન ઓઝા, જશવંતસિંહ ભટ્ટી, કરશનભાઈ વેગડ, જિલ્લા પ્રભારી દિલીપભાઈ પટેલ, ટ્રેનર કાંતિભાઈ




બાવરવા, ડો. ક્રિષ્નાબેન પટેલ, શરદભાઈ મકવાણા, અહેમદભાઈ શેખ સહિતનાઓએ ઉપસ્થિત રહી હોદ્દેદારોને માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમ શિબિરમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી. કે. રૈયાણી, પરેશ ધાનાણી, અંબરીશ ડેર, ઠાકરશીભાઈ મેતલીયા, સુરેશભાઈ કોટડીયા, જેનીબેન ઠુંમર, પ્રભાતભાઈ કોઠીવાળ, બાબુભાઈ રામ, શંભુભાઈ દેસાઈ સહિતનાઓ હાજર રહ્યા હતા. જિલ્લા મહામંત્રી જનક પંડ્યા, જગદીશ તળાવીયા, મનીષ ભંડેરી, હંસાબેન જોષી, વિપુલ પોંકીયા, પ્રવિણભાઈ કમાણી તથા ચેતનભાઈ વામજાની ટીમે જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# અમરેલીમાંથી વરલી મટકાનો જુગાર ઝડપાયો

અમરેલી, તા.૨૮

અમરેલીમાંથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો હતો. શંભુભાઈ પોપટભાઈ વસાવડા (ઉ.વ.૬૫) માર્કેટિંગ યાર્ડમાં આવેલા મંદિર પાસે જાહેરમાં આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમાડતાં પોલીસ ઝપટે ચડ્યા હતા. પોલીસે રોકડા ૨૪૬૦ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ પ્રકાશભાઈ કિશોરભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી ચોરાયેલું એક્ટિવા પરત મળ્યું

અમરેલી, તા.૨૮

અમેરલીમાં નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત છે. જેની મદદથી પોલીસે એક યુવકનું ચોરાયેલું એક્ટિવા પરત અપાવ્યું હતું. અમરેલીમાં રહેતા હાર્દિકભાઈ ચંદ્રેશભાઈ રાવલ ૨૬-૦૪-૨૦૨૨ના રોજ અમરેલી એસબીઆઈ બેંક, નાગનાથ બ્રાંચ સામે એક્ટિવા પાર્ક કરી ઝેરોક્ષ કરાવવા ગયા હતા. ઝેરોક્ષ કરાવી પરત ફર્યા બાદ એક્ટિવા ન મળતાં તેમણે પોલીસને જાણ કરી હતી. જે બાદ અમરેલી સીટી પોલીસ સ્ટાફ તેમજ અમરેલી "નેત્રમ" કમાન્ડ કંટ્રોલ સેન્ટર પોલીસ સ્ટાફ દ્વારા સંકલનમાં રહી તપાસ કરતાં એક યુવક તેમનું એક્ટિવા લઈને જતો જોવા મળ્યો હતો. આ બાબતે સીસીટીવી કેમેરા દ્વારા ટ્રેક કરી તેમજ પોલીસ દ્વારા પુછપરછ કરતા ભુલથી લઈ ગયો હોવાનું જણાવ્યું હતું. જે બાદ અરજદારની ખરાઈ કરી તેમનું એક્ટિવા પરત આપવામાં આવ્યું હતું.

# ધારી તાલુકા પંચાયત કચેરી દ્વારા કર્મયોગી સન્માન કાર્યક્રમ યોજાયો

ધારી, તા. ૨૮

ધારી તાલુકા પંચાયત કચેરી દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ કર્મયોગી સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના કર્મચારીઓએ કોરોના કાળમાં તેમજ પંચાયત કરવેરાની વસુલાત કામગીરી શ્રેષ્ઠ રીતે કરી હોય, તેમને તાલુકા વિકાસ અધિકારી તેમજ સ્ટાફ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા



તસ્વીર : સંજય વાળા

હતા. જેમાં મુકેશભાઈ રાઠોડ, સેક્રેટરી મનીષાબેન ભાયાણી, ક્લાર્ક મહેન્દ્રભાઈ દેવમુરારી, ભીખુભાઈ માઢક, મનસુખભાઈ કાછીયા, ભરતભાઈ જાની સહિતને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગાધકડા ગામે ગેસ ચાલુ કરવા જતાં ભડકો થતાં પ્રૌઢા દાઝી

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતી એક પ્રૌઢાએ તેના ઘરે ગેસ ચાલુ કરવા જતાં ભડકો થયો હતો. જેના કારણે ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેતુબેન અલીભાઈ દાલ (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, બે દિવસ પહેલા સાંજે તેઓ રસોડામાં રસોઈ બનાવવા ગયા ત્યારે લાઈટરથી ચાલુ કરવા જતાં ગેસ લીકેજના કારણે ભડકો થયો હતો અને તેની લપેટમાં આવી ગયા હતા. જે બાદ પતિએ આવીને આગ બુઝાવીને પડોશીની મદદથી સારવાર માટે લઈ જવાયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.જી.બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મંડપ સર્વિસના ધંધાર્થીને ધમકીથી ખળભળાટ

અમરેલી, તા.૨૮

અમરેલી શહેરમાં મંડપ સર્વિસના ધંધાર્થીને જાનથી મારવાની ધમકી આપવામાં આવતાં ખળભળાટ મચી ગયો હતો. બનાવ અંગે નવા ગીરીયા ગામે રહેતા અને મંડપ સર્વિસનો ધંધો કરતા દિનેશભાઈ છનાભાઈ બારૈયા (ઉ.વ.૪૦) એ અમરેલીમાં બહારપરામાં રહેતા ઘનશ્યામભાઈ થળેશા, હિરેનભાઈ થળેશા, અમિતભાઈ થળેશા તથા હિતેશભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ મંડપ સર્વિસના કામ માટે જતા હતા ત્યારે ફોરવ્હીલના પાછળના ભાગે પાઈપનો ઘા માર્યો હતો. ઉપરાંત ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા અને જતા જતા જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ યુવરાજભાઈ અનકભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા ખાતે સરપંચના માતુશ્રીની પૂણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

લીલીયા, તા. ૨૮

લીલીયા મોટા ખાતે સરપંચ જીવનભાઈ વોરાના માતુશ્રીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સરપંચના નિવાસ સ્થાને ભારત માતાના ફોટાનું પૂજન કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રક્તદાન કેમ્પમાં ૪૨ રક્તદાતાઓએ રક્તદાન



તસ્વીર : ઇમરાન પઠાણ

કર્યુ હતું. રક્તદાતાઓને ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાદમાં આંગણવાડીના બાળકોને બટુકભોજન કરાવવામાં આવ્યું હતું. આ તકે લીલીયા પીએસઆઈ સાકરીયા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદી, ખોડાભાઈ માળવીયા, બહાદુરભાઈ બેરા, ડો. કુંભાણી, કાળુભાઈ ભાલાળા, આર.બી. ભાલાળા, બાલાભાઈ મેઘાણી, ગોરધનભાઈ વોરા, રમેશભાઈ વોરા, અરવિંદભાઈ દુધાત સહિતના આગેવાનો તથા ગ્રામ પંચાયત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના ઉભરતા ક્રિકેટરે નેશનલ ક્રિકેટ એકેડમીમાં સ્થાન મેળવ્યું



અમરેલી, તા. ૨૮

બાબરાના મીત આંબલીયા નામના ઉભરતા ક્રિકેટરે નેશનલ ક્રિકેટ એકેડમીમાં સ્થાન મેળવી ગૌરવ વધાર્યું છે. મીતે અમરેલી ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટીમ તથા સૌરાષ્ટ્ર ક્રિકેટ ટીમની વન-ડે ટીમ તથા કુચ બિહાર ટ્રોફીમાં પણ સ્થાન મેળવી માતા-પિતા, જ્ઞાતિ તથા સમર્થ ક્રિકેટ એકેડમી-અમરેલી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટનું નામ રોશન કર્યું છે. મીતને પી.પી. સોજીત્રા, શૈલેષભાઈ સંઘાણી, અર્જુનભાઈ સોજીત્રા, દાદાબાપુ ચીસ્તી તથા હોદેદારોએ શુભેચ્છા પાઠવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: ચૌદશ, તા. ૨૯-૦૪-૨૦૨૨, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૨, સૂર્યાસ્ત-૦૭:૦૨, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

તા.૨૯-૪-૨૦૨૨ શુક્રવાર

મેષ:કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે.

વૃષભ: ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. એવું કામ કરવું પડી શકે છે કે જે અસુવિધાનજક હોય.

મિથુન: આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે.

કર્ક: આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે.

સિંહ: છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો.

કન્યા: આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે.

તુલા: હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે.

વૃશ્ચિક: કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. આ જ સમય તમારા માટે શ્રેષ્ઠ છે.

ધન: આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. સાંજ સુધીમાં સ્થિતિઓ તમારા માટે અનુકૂળ બની જશે.

મકર: આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે.

મીન: આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો.

# બાબરાના અમરાપરામાંથી પરિણીતાને શખ્સ ભગાડી જતાં અનેક તર્કવિતર્ક

બાબરા, તા.૨૮

બાબરા તાલુકાના અમરાપરામાંથી એક પરિણીતાને અન્ય જિલ્લાનો યુવક અઠવાડિયા રહેલા ભગાડીને લઈ ગયો હતો. પરિણીતાને શોધવાની તમામ કોશિશ નિષ્ફળ જતાં પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કાલાવડ તાલુકાના દેવપુર રણુજાના જીજ્ઞેશભાઈ ગીરધરભાઈ કમાણી સામે નોંધાયેલી ફરિયાદ મુજબ, તે પરિણીતાને બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. પરિણીતા પતિને મૂકીને પરપુરુષ સાથે ભાગી જતાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એચ.વી.કાતરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં વ્યાજખોરોએ યુવકને ધમકાવ્યો

બાબરા, તા.૨૮

બાબરામાં ચમારડીના ઝાંપા પાસે રહેતા અને ડ્રાઈવિંગનો ધંધો કરતા એક યુવકે બાબરામાં રહેતા શખ્સ પાસેથી ઉછીના રૂપિયા લીધા હતા. જેને લઈ તેને ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે જુનેદભાઈ નુરાભાઈ ગોગદા (ઉ.વ.૩૦)એ બાબરામાં રહેતા મુસાભાઈ જીવાભાઈ પરમાર તથા ફૈજલભાઈ મુસાભઈ પરમાર અને ચાંવડમાં રહેતા કેહુરભાઈ લખમણભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, જુનેદભાઈને અગરબતીના વેપાર ધંધા માટે પૈસાની જરૂર પડતા મુસાભાઈ પાસેથી રોકડ રૂ.૨,૦૦,૦૦૦ ત્રણ ટકા લેખે લીધા હતા. જે અંગે રૂ ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર આ રકમ ૧૦ માસમા પરત આપી દેવાનુ લખાણ કરાવાયું હતું.. રકમ પરત નહી કરી શકતા રોકડ રૂ.૧,૫૦,૦૦૦/- જેટલુ વ્યાજ ચુકવ્યું હોવા છતાં આરોપીએ મુદલ રકમ તથા બાકીના વ્યાજની ઉઘરાણી કરી હતી અને તેમણે આપેલ ચેક બેંકમા નાંખતા અપૂરતા બેલેન્સના કારણે ચેક બાઉન્સ કરાવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેંતરપિંડી કરી હતી. ઉપરાંત કહ્યું કે મારા પૈસા આપી દેજે, નહીં તો ઉભા ઉભા પૈસા આપવા પડે તેવા માણસો મારી પાસે છે તેવી ધમકી આપી હતી.

## અવસાન નોંધ

**રાજુલા**

મૂળ ધારીના અને હાલ રાજુલાના રમાબેન બાલુભાઇ જોષી (ઉ.વ.૭૮) તે ભીખુભાઇ જોષી, વિનોદભાઇ જોષી તથા નીતાબેન જોષીના માતુશ્રીનું તા. ૨૮-એપ્રિલ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦-એપ્રિલ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન બજરંગ રેસીડેન્સી છતડીયા રોડ, રાજુલા ખાતે રાખેલ છે.






તંત્રી સ્થાનેથી

## ઈન્ડિયન એરફોર્સ પણ યુદ્ધ માટે સજ્જ છે

આંતરરાષ્ટ્રીય મોરચા પર રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ભારત પણ સજ્જ છે. બીજી બાજુ પાકિસ્તાન અને અફઘાન વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. પાકિસ્તાને જનતાનું ધ્યાન બીજે દોરવા માટે જે રીતે અફઘાન પર એર-સ્ટ્રાઈક કરી તેવી જ રીતે ભારત સામે પણ છમકલાં કરી શકે છે તેને ભરી પીવા માટે ભારતીય વાયુદળ સજ્જ છે.

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન એકબીજા સાથે સરહદ ધરાવે છે અને બંને દક્ષિણ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશનના સભ્ય બન્યા છે. ૧૯૪૭ થી બંને દેશો વચ્ચેના સંબંધો વણસેલા છે, જ્યારે પાકિસ્તાનને આઝાદી મળી હતી ત્યારે અફઘાનિસ્તાન એકમાત્ર દેશ હતો જેણે યુએનમાં પાકિસ્તાનના પ્રવેશ સામે મત આપ્યો હતો.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન તેમના જટિલ દ્વિપક્ષીય વિવાદો પર પોતપોતાના વલણને વળગી રહે છે કારણ કે સરહદની બંને બાજુએ નાગરિક વસ્તી પર હિંસા પર ફેલાય છે.

બંને પક્ષો એ સ્વીકારવાનો ઈનકાર કરી રહ્યા છે કે તેઓ તાજેતરમાં થયેલા વિસ્ફોટો માટે જવાબદાર છે જેના કારણે આખરે સામાન્ય લોકોના જીવ ગયા.

"કોઈપણ પક્ષો આ હિંસા પાછળ ઈસ્લામિક સ્ટેટ-ખોરાસનને સ્વીકારતા નથી, હકીકતમાં, તેની હાજરી ઊંડે અને વ્યાપકપણે ફેલાઈ રહી છે. જ્યારે કાબુલ નકારે છે કે હિંસા પાછળ કોઈ બહારની શક્તિ છે. પાકિસ્તાનની નવી સરકાર ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે. આથી ભારત સાથેના સંબંધો સામાન્ય સ્તર પર આવે તેવી શક્યતા ઓછી છે પણ ત્રાસવાદી પ્રવૃત્તિ તથા સરહદ પરના છમકલા ચાલુ રહે તેવી શક્યતા વધુ છે. આથી એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરીએ ગુરુવારે જણાવ્યું હતું કે વર્તમાન ભૌગોલિક, રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય વાયુસેનાએ ટૂંકી સૂચના પર ઓપરેશન માટે દરેક સમયે તૈયાર રહેવું જોઈએ. એક સેમિનારને સંબોધતા તેમણે કહ્યું કે કેટલાક ઓપરેશન કરવા પડશે અને અમારી પાસે સમય ઓછો છે. તેમના સંબોધનમાં, તેમણે માત્ર ભૌગોલિક, રાજકીય પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો, વિસ્તૃત ન કર્યો. જોકે પીટીઆઈના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની વાત કરી રહ્યા હતા. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે ત્રીજા મહિનામાં પ્રવેશી ગયું છે. એર ચીફ માર્શલે આનાથી ઉદ્ભવતા ગંભીર પડકારોનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે જો યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તો લોજિસ્ટિક સપોર્ટ સૌથી મોટો પડકાર હશે કારણ કે દળોનો ભંડાર વિશાળ વિસ્તારમાં ફેલાયેલો છે. એર ચીફે કહ્યું કે સેનાએ કોઈપણ યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ જે તરત જ શરૂ થાય છે. તેમણે કહ્યું કે પૂર્વી લદાખમાં જે રીતે ચાલી રહ્યું છે તે રીતે લાંબા સમય સુધી ચાલતા તણાવ માટે આપણે તૈયાર રહેવું જરૂરી છે.

# વિકાસ માટે ઈનોવેટિવ બનવું જરૂરી છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

રાષ્ટ્રના વિકાસ માટે સંપદા જરૂરી છે. જેમાં પાયાની જરૂરિયાતમાં વીજ પાવર, પાણી, સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અતિ જરૂરી છે. આ ઉપરાંત મેન પાવર, મશીનરી અને કાચા માલ ઉપરાંત પ્રોસેસ માટે સુવિધા હોવી જરૂરી છે.

સૌથી મહત્વની વાત એ છે કે કાચા માલને સ્થાને ઉપયોગી વસ્તુને નવા રૂપે બનાવવાની પ્રક્રિયાને રિએન્જીનિયરીંગ કહી શકાય. આ ઉપરાંત રિવર્સ એન્જીનિયરીંગનો પણ વ્યાપક ઉપયોગ વિકાસ માટે થઈ શકે.

રિવર્સ એન્જિનિયરીંગ કોઈપણ નષ્ટ થયેલી વસ્તુ અથવા સમુદ્રી જહાજના અવશેષનો અભ્યાસ કરી તેના જેવું નવું જહાજ બનાવવામાં આવે તો તેને રિવર્સ એન્જિનિયરીંગ કહે છે. અલંગ શિપ રિસાયકલ યાર્ડમાં આવતા જહાજોની ટેકનોલોજીનો અભ્યાસ કરીને નવા જહાજનું નિર્માણ થઈ શકે જેને તમે રિવર્સ એન્જિનિયરીંગ કહી શકો. આપણામાંથી મોટાભાગના લોકોને એવી ટેવ હોય છે કે જ્યારે કોઈ નવો આઈડિયા આપે તો તરત જ તે તેનો જબરદસ્ત વિરોધ કરે. કોઈ પણ વસ્તુને પોઝિટિવ લેવાને બદલે માત્ર પોતાની વિદ્વતા દેખાડવા માટે જ વિરોધ કરવો એ આપણા જ્ઞાની પુરુષોનું એક આગવું લક્ષણ છે!!

૭૫ વરસ પહેલા ભાવનગરના જૂના બંદરે ફેરી વર્કશોપ હતું. આ સમયે આખા ગુજરાતમાં એકમાત્ર ભાવનગર બંદર જ એવું બંદર હતું કે જ્યાં કોઈપણ જાતના જહાજ રિપેર થઈ શકતા હતા. આ માટે જૂના બંદરે ખાડીની એકબાજુ સ્ટીલ જેટી અને સામી બાજુએ ફેરી વર્કશોપ



હતું. આ ફેરી વર્કશોપમાં એક સમયે માનભાઈ ભટ્ટ જેવા મુઠ્ઠી ઉંચેરા માનવી કાર્યરત હતા તેઓ એન્જિનિયર નહોતા પણ કોલસા ભાંગવાનું કામ કરતા હતા આમ છતાં તેમની આનંદ મંગળ નામની ટીમે વર્કશોપના અભણ માણસોને પણ ટ્રેનિંગ આપીને નાના જહાજ, બાર્જીસ અને ટગબોટને કેમ રિપેર કરવી તેનું જ્ઞાન કોઠાસૂઝથી કરતા હતા. આ સમયે વિદેશથી આવેલી નાનકડી tugboatને એ લોકો ભાવનગરના જૂના બંદરે લાવીને તેનો અભ્યાસ કરીને તેના પરથી તેના જેવી જ નવી tugboat તેઓ બનાવી શકતા હતા. આને રિવર્સ એન્જિનિયરીંગ આપણે કહી શકીએ. જો આજથી ૭૫ વર્ષ પહેલા વિદેશથી આવેલી નાનકડી બોટને પણ જો નવેસરથી દેશી આઈડિયા પ્રમાણે આપણા અભણ કાર્યકરો બનાવી શકતા હોય તો અત્યારે તો વિજ્ઞાન અને ટેકનોલોજીનો ખૂબ જ વિકાસ થયો છે તો અલંગમાં આવતા જહાજોની ટેકનોલોજીનો અભ્યાસ કરીને આપણા દેશમાં આપણા જ ભાવનગરમાં નવા જહાજ નિર્માણના કાર્યો શા માટે ન થઈ શકે? એક સમય એવો હતો કે જૂના બંદરે આલ્કોક એશડાઉન ધમધમતું હતું. આજે ગુજરાતના ગૌરવરૂપ શિપયાર્ડ બંધ હાલતમાં છે તેને ચાલુ કરાવવા માટે તે સમયના જહાજ વિભાગના કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ ભરપૂર પ્રયાસો કરેલા આ પ્રયાસો ચાલુ જ છે. ગુજરાતમાં જ્યારે નવા સીએમ આવ્યા છે ત્યારે તેમણે રસ લઈને ભાવનગરના નહીં પણ ગુજરાતના ગૌરવરૂપ આલ્કોક એશડાઉનને ફરી વખત ધમધમતું કરવા માટે કમર કસવી જોઈએ જેથી ભાવનગરના કુશળ કારીગરોને રોજી મળે અને વિકાસના સપના સાકાર થાય. આમ તો વાઈબ્રન્ટ ગુજરાતમાં એવા કરાર કરવામાં આવ્યા હતા કે ભાવનગરમાં પાંચથી વધુ જહાજ નિર્માણ યાર્ડ શરૂ કરવામાં આવશે પરંતુ આ સપનું અધુરું જ છે. જો આલ્કોક એશડાઉનને ફરી શરૂ કરવામાં આવે તો અહીં ફાઈબર ગ્લાસની આધુનિક tugboat જરૂર બનાવી શકાય. મોટા પ્રમાણમાં ઓર્ડર પણ આજે પેન્ડિગ પડેલા છે તો વિકાસની સૌથી મોટી તક છે તો શા માટે આ ફેક્ટરીને ચાલુ કરવામાં નથી આવતી? તેવો પ્રશ્ન સામાન્ય પ્રજાજન પૂછી રહ્યા છે. આજે કોઈ પણ નવી વસ્તુને ખોલીને તેનો અભ્યાસ કરીને તેમાંથી નવી વસ્તુઓ નિર્માણ કરવાનો અનુભવ ભાવનગરના કારીગરો જાણે છે આને તમે રિવર્સ એન્જિનિયરીંગ કહી શકો. રિવર્સ એન્જિનિયરીંગ કરવામાં ગુજરાતભરમાં રાજકોટ એક એવું સેન્ટર છે કે જેનો જોટો જડે તેમ નથી. કોઈ પણ નવું લેથ મશીન કે સીએનસી મશીન જો રાજકોટના ઉદ્યોગપતિની નજરે ચડે તો તરત જ તે ખરીદી લેશે અને પોતાની ફેક્ટરીમાં લઈ જઈ આ મશીનના તમામ સ્પેરપાર્ટ જુદા પાડી તેના નવેસરથી ડ્રોઈંગ બનાવશે, તેના કાસ્ટિંગ બનાવશે. એ પહેલાં તેની પરફેક્ટ પેટર્ન બનાવી પછી ફાઉન્ડ્રી માટેના કાસ્ટિંગ બનાવશે. ત્યારબાદ ઓરીજનલ પાર્ટ્સ જેવા જ પાર્ટ્સ બનાવી આખું મશીન તે ઊભુ કરશે. આ વસ્તુ રાજકોટના ઉદ્યોગપતિઓ કરી શકે છે આથી જ કહેવાય છે કે રાજકોટ અને લુધિયાણા એવા સેન્ટર છે કે જ્યાં કોઈપણ વસ્તુ આપવામાં આવે તો તે મશીનની તરત જ નકલ થઈ જાય અને એના જેવા જ હજારો મશીન બજારમાં ફરતા થઈ જાય. આ વસ્તુ રિવર્સ એન્જિનિયરીંગ છે. ભાવનગર, અમરેલી જિલ્લામાં હીરા ઉદ્યોગ ખૂબ વિકાસ પામ્યો છે આમા હીરાની ઘંટી, સરાણને લેથ અતિ મહત્વના છે. આવા જુના સાધનને ભંગારમાં નાખવાને બદલે એને નવું રૂપ આપી એનો ફરી ઉપયોગ થઈ શકે.

આવી જ રીતે એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં પણ ખેતીના સાધનોને નવું રૂપ આપી તેનો સરસ ઉપયોગ થઈ શકે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશનઃ

જેમ નવી ક્ષમતાઓને સમાવવા માટે ઉત્પાદનોનું પુનઃ એન્જિનિયરીંગ કરવામાં આવે છે, તેવી જ રીતે પ્રક્રિયાઓ પણ પુનઃ એન્જિનિયરીંગ થવી જોઈએ. રિ-એન્જિનિયરીંગ એ ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના વલણોને સંબોધવાની રીત છે. આ સહયોગ, ઉત્પાદકતા અને એન્ટરપ્રાઈઝના ટકાઉપણામાં મુખ્ય અવરોધો બની શકે છે. આ વિચારો તાજેતરમાં એક વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવ્યા હતા જેમાં પ્રોસેસ ઈનોવેશન એન્ડ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ("PI-DX") વિષે ચર્ચા કરવામા આવી હતી. લંડન સ્થિત એક બિઝનેસ-ઈન્ફોર્મેશન કંપની છે જે ડેટાને ઈન્ટેલિજન્સ, બિઝનેસ ઈન્સાઈટ્સમાં રૂપાંતરિત કરવા માંગે છે અને રિફાઈનિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આવું કરવું દરેક વખતે શક્ય નથી. આ માટે જરૂરી ટેક્નિકલ નોલેજ પણ હોવું જોઈએ. દાખલા તરીકે બ્રહ્મોસ પાકિસ્તાનમાં પડ્યા બાદ ત્યાંનાં લોકોએ કહ્યું હતું કે પાકિસ્તાન બ્રહ્મોસનું રિવર્સ એન્જિનિયરીંગ કરી તેના જેવી નવી મિસાઈલ બનાવી શકે છે. તો આ વસ્તુ પાકિસ્તાન માટે તદન અશક્ય છે કારણકે આપણા missilesની અંદર લેટેસ્ટ ટેકનોલોજી વાપરવામાં આવી છે તેની નકલ કરવી, તેના જેવા હાર્ડવેર અને સોફ્ટવેર ડાઉનલોડ કરવા એ કંઈ ખાવાના ખેલ નથી. આથી પાકિસ્તાનના એન્જિનિયરો માટે આ વસ્તુ તદન અશક્ય છે. તેઓ નકલ કરી શકે છે પણ એની નકલમાં અક્કલ હોતી નથી જ્યારે ગુજરાતના કારીગરોની ગૌરવની વાત એ છે કે તે કોઈ પણ મશીનની એવી નકલ કરશે કે એની આગળ ઓરિજનલ વસ્તુ પણ ઝાંખી પડી જાય આનું નામ રિવર્સ એન્જિનિયરીંગ કહેવાય!!!!

# શેરબજારમાં મંદી : સેન્સેક્સ ૫૩૭ પોઈન્ટ ઘટીને ૫૬૮૧૯પર બંધ

મુંબઈ,તા.૨૮

અમેરિકી શેરબજારોમાં ગઈકાલે નાસ્દાક, ડાઉ જોન્સમાં કડાકા પાછળ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારોમાં પણ ધોવાણ થયું હતું. ડેરિવેટીવ્ઝમાં એપ્રિલ વલણના ગુરૂવારે અંત પૂર્વે ફંડો, મહારથીઓએ ગઈકાલે રિલાયન્સની આગેવાનીએ બતાવેલી છેતરામણી શોર્ટ કવરિંગની તેજી અલ્પજીવી નીવડી. આજે ફરી બજારોમાં પીછેહઠ જોવાઈ હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં રૂ.૨૮૨૮ની નવી વિક્રમી ઊંચાઈનો ઈતિહાસ રચાયા સાથે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧૯ લાખ કરોડની સપાટીને પાર કરી ગયા સાથે પસંદગીના આઈટી, મેટલ શેરોમાં મજબૂતી અને બજાજ ફાઈનાન્સના પ્રોત્સાહક ચોથા ત્રિમાસિક પરિણામ છતાં બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ સહિત બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ઓફલોડિંગ થતાં અને ફાર્મા, સિમેન્ટ, આઈટી અન્ય શેરોમાં વેચવાલીએ સેન્સેક્સે ૫૭૦૦૦ની સપાટી ગુમાવી નીચામાં ૫૬૫૮૪.૦૪ સુધી આવી અંતે ૫૩૭.૨૨ પોઈન્ટ ઘટીને ૫૬૮૧૯.૩૯ અને નિફટી સ્પોટ ૧૭૦૦૦ની સપાટી ગુમાવી નીચામાં ૧૬૯૫૮.૪૫ સુધી આવી અંતે ૧૬૨.૪૦ પોઈન્ટ ઘટીને ૧૭૦૩૮.૪૦ બંધ રહ્યા હતા. ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ પણ ચાઈનાના સ્ટીમ્યુલસ પેકેજના પરિણામે મજબૂત રહી આજે સાંજે બ્રેન્ટ ક્રૂડ બેરલ દીઠ ૧૦૫.૩૯ ડોલર અને ન્યુયોર્ક નાયમેક્ષ ક્રૂડ ૧૦૨.૧૨ ડોલર નજીક રહ્યા હતા. નિફટી સ્પોટમાં નવી તેજી માટે ૧૭૮૨૫ ઉપર બંધ જરૂરી છે. ટેકનીકલી નિફટી સ્પોટ ધોરણે નજીકનો ટ્રેન્ડ ડાઉન બતાવાઈ રહ્યો છે. નજીકની ટર્મમાં ઓવરસોલ્ડ પોઝિશન બતાવાઈ રહી હોવા છતાં ટેકનીકલી નિફટીમાં નજીકમાં નવી તેજીની પોઝિશન માટે નિફટી સ્પોટ ૧૭૮૨૫ ઉપર બંધ આવવો જરૂરી છે. આ દરમિયાન આજે ગુરૂવારે એપ્રિલ વલણનો અંત હોઈ બિગબુલ-મહારથી ફંડો નિફટી બેઝડ મોટું તોફાન મચાવશે એવી બજારમાં ચર્ચા હતી. સેન્સેક્સ, નિફટી આજે વૈશ્વિક બજારો પાછળ ધોવાણ થયા સાથે સ્મોલ, મિડ કેપ, રોકડાના અનેક શેરોમાં આજે ફંડો, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો, ફરી વેચવાલ બનતાં માર્કેટ બ્રેડથ ફરી નેગેટીવ બની હતી. બીએસઈમાં આજે કુલ ટ્રેડિંગ થયેલી ૩૪૮૫ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૦૯૬ અને ઘટનારની ૨૨૭૪ રહી હતી.

## શબ્દ સંજોગ-૧૩૩૬



**આડી ચાવી :**
(૧) ઓછુ વત્તું, ચડતું ઉતરતું (૪)
(૪) બલિને છળવા થયેલો વિષ્ણુનો પાંચમો અવતાર (૩)
(૬) નસ, શિરા (૨)
(૭) ગાડું (૩)
(૯) પાંદડુ, સૈન્ય (૨)
(૧૧) ભેળસેળ,મિશ્રણ (૩)
(૧૨) અંગ્રેજી 'રસ્તો' (૧)
(૧૩) ગણપતિદાદાને બહુ જ ભાવે (૩)
(૧૫) એક ગુજરાતી મહિનો (૨)
(૧૭) વગર, સિવાય (૨)
(૧૮) સરસામાન, સરંજામ (૩)
(૨૦) લીટી, રેખા (૩)
(૨૨) એક કઠોળ (૨)
(૨૩) ..હો ના હો! (૨)
(૨૫) મહેણું (૩)
(૨૭) તમારુ આ તો હશે જ...! (૪)
(૨૯) ખોટ, ઘટ (૩)
(૩૧) ગતિ, પ્રવેશ (૩)
(૩૩) કમાણી (૪)
(૩૪) ઘર, રહેઠાણ (૩)

**ઉભી ચાવી :**
(૧) ભાષાંતર, અનુવાદ (૪)
(૨) નાડી, શિરા (૨)
(૩) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૪) રસ્તો, રાહ (૨)
(૫) મોટી નદી (૨)
(૮) ઉદારતા, કૃપા (૩)
(૧૦) સુંદર સ્ત્રી (૩)
(૧૧) દુઃખ, આફત (૩)
(૧૪) દરમિયાનગીરી કરવી તે (૩)
(૧૬) દશા, સ્થિતિ (૨)
(૧૭) પ્રેમમાં ક્યારેક આ પણ ભોગવવો પડે (૩)
(૧૯) કેટલાક લોકો કિંમતી દાગીનાને..માં મૂકે છે. (૩)
(૨૧) અમદાવાદ-મુંબઈ વચ્ચે આવતું એક રેલ્વે સ્ટેશન (૨)
(૨૨) વહેનારુ, ખેંચનારુ (૩)
(૨૪) દાડમનો પર્યાય થયો (આ-અ) (૪)
(૨૬) હિજરીસનનો નવમો માસ (૪)
(૨૭) સાવ સહેલુ છે (૩)
(૨૮) દાભ જેવુ એક ઘાસ (૨)
(૩૦) તાબે, આધીન (૨)
(૩૨) જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)

## શબ્દ સંજોગ-૧૩૩૫ જવાબ

**આડી ચાવી :** (૧) ભાગીરથી (૩) કદાવર (૬) કપિલા (૭) નવલકથા (૧૦) નસ્તર (૧૩) દલ્લો (૧૪) રફતાર (૧૭) સત (૧૮) વિરામ (૨૦) રસાલ (૨૨) કૂખ (૨૪) હમાલ (૨૬) મધરાત (૨૮) રાસ (૨૯) વખાણ (૩૦) ણીવા(વાણી).

**ઉભી ચાવી :** (૧) ભાજન (૨) રતલ (૩) કપિ (૪) દાલાન (૫) રબર (૬) કથા (૮) વખલ્લો (૯) કસરત (૧૧) સ્તર (૧૨) શાતા (૧૩) દર્દુર (૧૫) રવિ (૧૬) દામ (૧૭) સલમા (૧૯) રાતરાણી (૨૧) સાહસ (૨૩) ખમણ (૨૫) લવ (૨૭) તવા(વાત).

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૦૦ | ૨૫૫૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૪૮ | ૫૩૫ |
| જુવાર સફેદ | ૩૮૦ | ૬૧૧ |
| જુવાર પીળી | ૩૬૫ | ૪૭૫ |
| બાજરી | ૨૮૦ | ૩૫૦ |
| મકાઇ | ૪૧૫ | ૪૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ચણા પીળા | ૮૮૫ | ૯૧૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૮૪૦ |
| અડદ | ૮૫૦ | ૧૪૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૩૬૦ |
| વાલ દેશી | ૧૫૫૦ | ૧૮૯૦ |
| વાલ પાપડી | ૧૯૫૦ | ૨૦૦૦ |
| ચોળી | ૯૮૦ | ૧૬૬૦ |
| વટાણા | ૯૦૦ | ૧૩૯૧ |
| કળથી | ૭૫૦ | ૯૮૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૭૮૦ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૩૪૧ |
| મગફળી જીણી | ૧૦૨૧ | ૧૨૭૫ |
| અળસી | ૧૩૫૦ | ૧૪૬૦ |
| તલી | ૧૭૦૦ | ૨૦૦૦ |
| સુરજમુખી | ૧૦૭૦ | ૧૨૮૦ |
| એરંડા | ૧૨૬૦ | ૧૩૮૧ |
| અજમો | ૧૫૫૦ | ૧૯૭૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૩૫ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૬૯૦ |
| કાળા તલ | ૧૯૨૦ | ૨૩૦૦ |
| લસણ | ૧૮૦ | ૫૦૫ |
| ધાણા | ૨૨૪૦ | ૨૩૮૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૮૦૦ |
| ધાણી | ૨૨૮૦ | ૨૩૮૯ |
| વરીયાળી | ૧૭૨૫ | ૧૯૭૫ |
| જીરૂ | ૩૫૩૦ | ૪૧૪૫ |
| રાય | ૧૨૨૫ | ૧૩૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૨૨૧૦ | ૨૪૨૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૦૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ગુવારનું બી | ૧૧૬૦ | ૧૧૯૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| સકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૨૫૦ | ૩૮૦ |
| બટેટા | ૨૨૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૩૫ | ૧૭૦ |
| ટમેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૩૫૦ | ૫૫૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૪૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૭૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૫૬૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૬૫૦ |
| દુધી | ૧૬૦ | ૨૫૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૫૦ |
| પરવર | ૩૮૦ | ૫૩૦ |
| કાકડી | ૨૦૦ | ૩૫૦ |
| ગાજર | ૨૨૦ | ૩૩૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૫૦ |
| મેથી | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૨૦ | ૨૫૦ |
| આદુ | ૪૦૦ | ૫૮૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| ગુંદા | ૬૦૦ | ૭૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૩૩૮ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૩૩ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૨૫૮ |
| તલ કાશ્મીરી | ૧૯૯૦ | ૨૦૦૮ |
| જુવાર | ૩૦૦ | ૪૬૭ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૬૧૭ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૪૮૦ |
| ચણા દેશી | ૮૯૭ | ૧૦૩૫ |
| ચણા | ૬૫૦ | ૯૩૩ |
| તુવેર | ૭૩૫ | ૧૦૮૦ |
| કપાસ | ૧૩૦૦ | ૨૫૪૦ |
| એરંડા | ૮૪૦ | ૧૩૬૩ |
| જીરું | ૧૨૫૦ | ૪૧૯૩ |
| રાયડો | ૧૦૫૧ | ૧૧૩૮ |
| રાય | ૧૦૦૦ | ૧૨૪૧ |
| ધાણા | ૧૩૬૦ | ૨૫૦૫ |
| મેથી | ૭૦૦ | ૧૧૨૩ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૨૫ |
| વરીયાળી | ૧૮૯૮ | ૧૮૯૮ |
| અજમા | ૧૩૫૦ | ૧૬૮૫ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૩૭૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૩૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૩૮૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૩૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૫૦ |
| ગુવાર | ૭૫૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૮૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| શકરટેટી | ૨૦૦ | ૩૩૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૦૦ |
| ફોદીનો | ૧૮૦ | ૨૭૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૩૦ |
| બીટ | ૧૫૦ | ૨૪૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૪૦૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૩૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૬૫૦ |
| લીંબુ | ૨૫૦૦ | ૨૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૫૦ | ૪૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૬૦૦ |
| અડદ | ૩૫૦ | ૯૯૦ |
| તુવેર | ૭૦૦ | ૧૧૪૦ |
| મઠ | ૯૦૦ | ૧૦૫૦ |
| વાલ | ૧૫૦૦ | ૧૬૪૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૯૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૦ |
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૪૧ |
| એરન્ડા | ૧૩૨૫ | ૧૩૬૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૫૦ |
| લસણ | ૭૦ | ૬૬૦ |
| કપાસ | ૧૭૬૦ | ૨૧૯૦ |
| જીરૂ | ૨૮૮૦ | ૪૨૦૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૬૪૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૨૫૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૪૫૦ |
| મરચા સુકા | ૭૦૦ | ૩૬૨૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૯૦ |
| વટાણા | ૫૦૦ | ૧૧૭૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૨૯૫૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૭૬ |
| કપાસ બી.ટી. | ૧૦૦૧ | ૨૪૭૧ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૩૮૮ |
| મગફળી જાડી | ૮૨૦ | ૧૪૦૧ |
| સીંગ ફાડીયા | ૧૨૦૦ | ૧૭૬૧ |
| એરંડા/એરંડી | ૧૨૧૧ | ૧૩૬૬ |
| તલ-તલી | ૧૪૮૧ | ૨૧૪૧ |
| તલ લાલ | ૧૯૨૧ | ૧૯૨૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૨૧ |
| ઇસબગુલ | ૨૦૦૦ | ૨૩૬૧ |
| કલંજી | ૧૦૦૦ | ૨૯૦૧ |
| ધાણા | ૧૩૦૪ | ૨૫૫૧ |
| ધાણી | ૧૪૦૧ | ૨૬૧૧ |
| મરચા સુકો પટ્ટો | ૭૦૦ | ૫૪૦૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૦૦૦ | ૪૭૦૧ |
| લસણ સુકુ | ૧૦૧ | ૫૫૧ |
| ડુંગળી લાલ | ૩૬ | ૧૭૧ |
| જુવાર | ૪૭૬ | ૪૭૬ |
| મકાઇ | ૪૬૧ | ૫૪૧ |
| મગ | ૯૨૬ | ૧૩૩૧ |
| ચણા | ૮૫૧ | ૯૦૬ |
| વાલ | ૧૬૫૧ | ૧૬૫૦ |
| મઠ | ૯૭૬ | ૧૦૦૦ |
| તુવેર | ૭૫૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૪૩૧ |
| રાયડો | ૮૭૬ | ૧૨૭૧ |
| રાય | ૧૦૨૬ | ૧૨૭૧ |
| મેથી | ૭૨૬ | ૧૧૭૧ |
| ગોગળી | ૮૪૧ | ૧૧૨૬ |
| સુરજમુખી | ૪૫૧ | ૧૧૭૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૮૦ | ૨૬૫૦ |
| જીરૂ | ૨૬૮૦ | ૩૪૫૦ |
| ચણા | ૮૮૯ | ૯૦૭ |
| ચણા દેશી | ૯૩૫ | ૯૯૫ |
| ધાણા | ૧૮૭૦ | ૨૩૦૦ |
| મેથી | ૯૮૨ | ૧૦૫૨ |
| મગફળી | ૧૧૦૨ | ૧૨૯૮ |
| ઘઉં | ૪૧૦ | ૫૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૫૦૫ |
| ઘઉં | ૩૮૦ | ૫૪૩ |
| ચણા | ૮૦૦ | ૯૨૩ |
| તુવેર | ૯૦૦ | ૧૦૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| શિંગ ફાડા | ૧૪૦૦ | ૧૬૨૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મેથી | ૮૫૦ | ૧૦૭૬ |
| ધાણા | ૧૫૦૦ | ૨૨૬૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૧૦ | ૧૨૬૫ |
| ચણા | ૬૬૦ | ૯૦૬ |
| તુવેર | ૮૬૦ | ૧૧૦૫ |
| ધાણા | ૧૪૦૦ | ૨૨૮૬ |
| તલ | ૧૮૨૦ | ૧૮૯૫ |
| મેથી | ૧૦૫૫ | ૧૦૫૫ |
| સોયાબીન | ૧૦૯૦ | ૧૩૨૯ |
| એરંડા | ૧૩૪૧ | ૧૩૫૫ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૦૮૦ | ૧૩૯૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૩૮ |
| ઘઉં | ૩૮૦ | ૪૯૧ |
| રાઇ | ૧૦૮૦ | ૧૨૯૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૪૨ |
| જુવાર | ૪૮૦ | ૬૧૬ |
| મગ | ૧૧૦૦ | ૧૩૧૪ |
| એરંડી | ૧૦૩૦ | ૧૪૦૫ |
| ચણા | ૮૩૦ | ૯૭૨ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૪૬૦ |
| ધાણા | ૧૬૫૦ | ૨૨૨૦ |
| જુવાર | ૪૮૦ | ૬૧૬ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૧૫ | ૫૬૨ |
| જુવાર | ૩૦૦ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૨૧ |
| ધાણા | ૧૦૨૧ | ૧૮૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૦૦૧ |
| ચણા | ૮૦૦ | ૯૨૦ |
| મેથી | ૭૦૧ | ૧૦૨૧ |
| રાય | ૧૨૫૦ | ૧૩૦૦ |
| શીંગ | ૧૧૭૫ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૫૨૫ | ૨૩૧૧ |
| સોયાબીન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ચણા છોલે | ૧૧૩૦ | ૧૧૩૦ |
| મઠ | ૭૨૫ | ૭૨૫ |
| અજમા | ૧૪૫૦ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૫૦ | ૨૫૦૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૫૪૦ |
| ચણા | ૮૨૫ | ૮૯૭ |
| ધાણા | ૨૦૩૦ | ૨૨૫૦ |
| મેથી | ૮૮૫ | ૯૮૫ |
| રાઈ | ૧૧૨૫ | ૧૧૮૫ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૨૯૦ | ૧૩૮૪ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૧૧ |
| જીરૂ | ૨૪૩૦ | --- |
| કપાસ | ૧૭૫૦ | ૨૫૨૫ |
| ઘઉં લોકવન | ૪૧૮ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૧૧ |
| બાજરો | ૪૪૦ | ૫૪૦ |
| ચણા દેશી | ૯૨૧ | ૧૦૪૦ |
| ચણા | ૮૧૮ | ૯૧૦ |
| તુવેર | ૮૫૦ | ૧૦૬૭ |
| મેથી | ૯૫૦ | ૧૦૬૨ |
| રાય | --- | ૧૨૫૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૮૬ |
| મેથી | ૯૫૦ | ૧૦૬૨ |
| રાય | --- | ૧૨૫૧ |
| ધાણા | --- | ૨૩૫૧ |
| સોયાબીન | ૧૩૩૦ | ૧૩૯૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મહુવા માર્કેટીંગ યાર્ડમાં બે દિવસ સફેદ ડુંગળીની આવક બંધ રહેશે



અમરેલી, તા.૨૮

મહુવા માર્કેટીંગ યાર્ડમાં સફેદ ડુંગળી વહેંચાણ માટે લાવતા ખેડૂત ભાઈઓ તથા કમિશન એજન્ટ ભાઈઓને જાણ કરવામાં આવી છે કે, હાલ સફેદ ડુંગળીની આવક બંધ કરેલ છે. જે હવે પછી તા.૧-૫-૨૨ને રવિવારના રોજ રાત્રીના ૮ કલાકથી સવારના ૮ કલાક સુધી લેવામાં આવશે. જેની નોંધ લેવી. જે ખેડૂતભાઈઓ સફેદ ડુંગળીનું ઉભી ગાડીઓ-વાહનોમાં વહેંચાણ કરવા માંગતા હોય તેઓને યાર્ડની અંદર દરરોજ સવારના ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન પ્રવેશ અપાશે.

# ગાંધીનગરમાં અધધ રૂ. ૨. ૨૭ કરોડના વિદેશી દારૂના જથ્થા પર તંત્રનું બુલડોઝર

ગાંધીનગર,તા.૨૮

પાટનગર ગાંધીનગરના કડક દારૂ બંધીની અમલવારી વચ્ચે છેલ્લાં ચાર વર્ષમાં માત્ર સાત પોલીસ મથકમાં પ્રોહીબીશનનાં ૪૪૮ ગુના નોંધાયા છે. જે અન્વયે પોલીસ દ્વારા રૂ. ૨ કરોડ ૨૬ લાખ ૪૯ હજાર ૯૯૮ની કિંમતની ૯૨ હજાર ૨૦૮ નંગ વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. જેનો આજે કોર્ટના આદેશ મુજબ ગાંધીનગરના કોબા સર્કલ પાસે પ્રાંત અધિકારી બ્રિજેશ મોરીયા



તેમજ નાયબ પોલીસ અધિક્ષક એમ. કે રાણાનાં સુપરવિઝન નાશ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર ડિવિઝનના પેથાપુર, ડભોડા, દહેગામ, રખીયાલ, ઈન્ફોસિટી, ચીલોડા અને સેક્ટર - ૨૧ પોલીસ મથકની હદમાં વર્ષ ૨૦૧૯થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ૯૨ હજાર ૨૦૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો હતો. જેને આજે વાહનોમાં કોબા સર્કલ પાસેના અવાવરું સ્થળે લઈ જવાયો હતો. જ્યાં જે તે પોલીસ મથક દ્વારા વાહનોમાં વિદેશી દારૂનો જથ્થો એકઠો કરવામાં આવ્યો હતો. બાદમાં સાતેય પોલીસ મથકમાં જપ્ત કરાયેલા દારૂના જથ્થાની ગણતરી પણ કરવામાં આવી હતી અને તમામ જથ્થાને જમીન ઉપર પાથરી દઈ બુલડોઝર ફેરવી દેવામાં આવતા દારૂની નદી વહેવા લાગી હતી.

# પીપાવાવ પોર્ટમાં બંધ કન્ટેનરમાંથી મળેલી વસ્તુઓ FSLમાં મોકલાઈ

અમરેલી, તા.૨૮

થોડા દિવસો પહેલા જખૌ દરિયા કિનારેથી ગુજરાત એટીએસએ ૯ પાકિસ્તાનીઓને ૨૮૦ કરોડનાં હેરોઈન સાથે ઝડપી પાડ્યા બાદ એટીએસની ટીમ આ બાબતે વધુ સતર્ક બની છે. જેમાં ગુજરાત એટીએસ અને ડીઆઈઆરની ટીમે ગઈકાલે પીપાવાવ પોર્ટના બંધ કન્ટેનરની તપાસ હાથ ધરી હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ બંધ કન્ટેનરમાંથી એટીએસની ટીમને શંકાસ્પદ વસ્તુઓ મળી આવી હતી. જેથી આ શંકાસ્પદ વસ્તુઓની ખરાઈ કરવા માટે એફએસએલમાં મોકલવામાં આવી છે. બંધ કન્ટેનર જેના નામનું આવ્યું હતું. તેમણે આ કન્ટેનર મંગાવ્યું ન હોવાનું પોલીસને જણાવ્યું હતું. આ કન્ટેનર કોણે મોકલ્યું? તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે. આ બાબતે ટૂંક સમયમાં જ પોલીસ દ્વારા તમામ માહિતીઓની જાણ કરવામાં આવશે.

# ગીરગઢડા તાલુકામાં જમીન માપણીની ૧૮૦૦ જેટલી અરજીઓ પેન્ડીંગ

## માપણીની ફી વસુલી લીધા બાદ બબ્બે વર્ષ સુધી માપણી ન થતા ખેડૂતોમાં રોષ

ઉના, તા. ૨૮

ગીરગઢડા તાલુકામાં ડીએલઆરઆઈમાં જમીન માપણીની ૧૮૦૦ થી વધુ અરજીઓ પેન્ડીંગ છે. ખેડૂતો પાસેથી સરકાર દ્વારા માપણી માટેની ફી ઓનલાઈન વસુલી લીધા બાદ બબ્બે વર્ષ સુધી માપણી કરવામાં નહીં આવતા ખેડૂતોમાં રોષની લાગણી પ્રસરી જવા પામી છે. જમીનની વહેચણીમાં જમીન માપણી ફરજિયાત હોવાથી ૭/૧૨ અલગ પડતા નથી. તેમજ મૂળ સર્વે નંબરમાંથી અડધી જમીન વેચાણ કરવામાં અલગ ૭/૧૨, ૮-અ માપણી વગર થતા નથી. ગીરગઢડા તાલુકામાં વહેચણીની નોંધ મંજૂર થઈ ગયા બાદ ખેડૂતોને લોન મળતી નથી, જેના કારણે તેઓ પૂરતું ઉત્પાદન મેળવી શકતા નથી. જમીન માપણીના નિયમના કારણે ભાઈ-ભાઈ વચ્ચે અને શેઢા પાડોશીઓ વચ્ચે દુશ્મનાવટ પેદા થાય છે અને વર્ષો જૂના સંબંધો બગડી રહ્યા છે. ખેડૂતોને મોટાભાગે પાકધિરાણ લેવાની જરૂર પડતી હોય છે. જે આ માપણીના નિયમના કારણે જમીન અલગ અલગ થતી ન હોય, જેથી ખેડૂતોને પાકધિરાણ લોન મળતી નથી. ત્યારે આ અંગે યોગ્ય કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# માત્ર ૩૧ પૈસા માટે બેંકે ખેડૂતને હેરાન કરતા કોર્ટે ઝાટકણી કાઢી

(સં.સ.સે.) અમદાવાદ,તા.૨૮

ગુજરાત હાઈકોર્ટે બુધવારે એક કેસની સુનાવણીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને માત્ર ૩૧ પૈસાની બાકી રકમ માટે ખેડૂતના નો-ડ્યુ સર્ટિફિકેટને રોકવાને લઈને ફટકાર લગાવી હતી. ખેડૂતને પાક લોનની ચુકવણી કર્યા પછી જમીનનો સોદો કરવો હતો જોકે આના માટે તેમણે લીધેલી લોન પૂરી કરી છે તેવું સર્ટિફિકેટ બેંક પાસેથી લઈને રેવન્યુ વિભાગમાં રજૂ કરવું પડે તેમ હતું. પરંતુ બેકના વલણથી જમીન ખરીદનાર અને ખેડૂત બંને પરેશાન હતા જે બાદ હાઈકોર્ટમાં કેસ પહોંચતા કોર્ટે દેશની સૌથી મોટી બેંકને બેંકિંગના પાઠ ભણાવ્યા અને ઝાટકણી કાઢી હતી. જસ્ટિસ ભાર્ગવ કારિયાએ કહ્યું, આ તો હદ થાય છે.આટલી ઓછી રકમ માટે નો-ડ્યુઝ સર્ટિફિકેટ કોઈ વ્યક્તિને ન આપવું તે હાથે કરીને પરેશાન કરવા સિવાય બીજું કંઈ નથી.

# ગરબાડાના ગાંગરડીમાં હિન્દુ યુવતીને લઈને વિધર્મી યુવક ભાગી જતા ગામ સજ્જડ બંધ

દાહોદ, તા.૨૮

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના રહેવાસી અને છેલ્લા પાંચ વર્ષથી પોતાના સગાવહાલાના ત્યાં રહેતો રાજા ઉર્ફે સુફિયાન સત્તાર પટેલ નામક યુવક દ્વારા ગરબાડા તાલુકામાં રહેતી એક યુવતીને ભગાડી લઈ ગયો છે. આ બનાવને પગલે ગાંગરડી નગરમાં રહેતા હિન્દુ સમાજના લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે




ત્યારે આ મામલો હિન્દુ સંગઠનો દ્વારા ગાંગરડી બંધનું એલાન કરવામાં આવ્યું હતુ .જેના પગલે ગાંગરડી નગરની દુકાનો ટપોટપ બંધ થઈ હતી.ગાંગરડી ગામમાં સવારથી રોજગાર ધંધા બંધ રહ્યા હતા ઘટનાને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તેમજ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દાહોદ જિલ્લાની પોલીસ ગાંગરડી ગામમાં ખડકી દેવામાં આવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ગાંગરડી ગામમાં દોડી ગયા હતા. લઘુમતી કોમના યુવક તેમજ હિન્દુ યુવતીને શોધી કાઢવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભ્રષ્ટ કોંગ્રેસના મોઢે ભ્રષ્ટાચારનો આરોપ શોભતો નથી : રૂપાણી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજમાં ભાજપ નેતાઓએ કરેલ રૂપિયા ૫૦૦ કરોડના કથિત ભ્રષ્ટાચાર મામલે આજે રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ કરીને કોંગ્રેસના નેતાઓને જવાબ આપ્યો છે. મોઢવાડિયાએ કરેલા આક્ષેપો પર રૂપાણીએ વળતો પ્રહાર કરતા જણાવ્યું છે કે, ભ્રષ્ટ કોંગ્રેસના મોઢે ભ્રષ્ટાચારનો આરોપ શોભતો નથી, તેઓ કારણ વગર કોઈ આક્ષેપ ન કરે. સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના ૧૯૭૮ માં



કરવામાં આવી હતી. જ્યાં ૧૯૮૬ માં પ્રથમ ટીપી બનાવી હતી અને ૧૮૬ પ્લોટ રિઝર્વ રાખવામાં આવ્યા હતા. ૨૭૦૦૦ કરોડના ભ્રષ્ટાચારના આક્ષેપો સામે પોતે ૨૭૦૦૦ કરોડની જમીન સુડાની બચાવી હોવાનો દાવો રૂપાણીએ કર્યો હતો.

# જસદણના ગઢડીયામાં ચાર પ્લોટ પચાવી પાડનાર ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો

જસદણ, તા.૨૮

જસદણના ગઢડીયામાં ચાર પ્લોટ પચાવી પાડનાર ત્રણ શખ્સો સામે કલેકટરમાં લેન્ડ ગ્રેબીંગ હેઠળ અરજદારોએ અરજી કરતા કલેકટરે અરજી મંજુર કરી પોલીસમાં ગુનો નોંધવા હુકમ કર્યો હતો. વિગતે વાત કરતા ફરિયાદી મયંકભાઈ પોપટે જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૧૭માં મેં તથા મારા ભાગીદાર દિલીપભાઈ શાંતિલાલ શાહે ગામના સર્વે નં.૧૦/૧ જમીનમાં આવેલ પ્લોટ નંબર-૫ કે જેનું ક્ષેત્રફળ ૪૯૩.૦૬ ચોરસ મીટર જે બાબુભાઈ વાલાણી(રહે.જસદણ)વાળા પાસેથી આશરે રૂ.૧.૧૩ લાખમાં ખરીદી રજી. દસ્તાવેજથી અમારા નામે એન્ટ્રી નોંધાવેલ હતી. જે જમીનના મુળ માલિક બચુભાઈ ચાવડા (રહે. ગઢડીયા) જેમને વર્ષ ૧૯૯૯માં તેમની જમીન બાબુભાઈને રજીસ્ટર દસ્તાવેજથી વહેંચી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં અમે અમારા પ્લોટમાં ચણતરનું કામ શરૂ કરતા બચુભાઈ ચાવડા અને તેના પુત્રો રમેશ, દિનેશ અને અરવિંદે આવીને કહેલ કે, આ પ્લોટ અમારા છે અને હવેથી તમે લોકો અહિં ન આવતા નહિં તો જીવથી હાથ ધોવા પડશે. જે બાદ તેઓએ જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી દીધો હતો. બીજી તરફ વર્ષ ૨૦૦૭માં મોતીભાઈ ચાવડાએ પ્લોટ નંબર-૧, ૩૬૩.૫૩ વાર, વર્ષ ૨૦૧૧માં મુક્તાબેન ઝાપડીયા પ્લોટ નંબર ૮, ૩૪૬.૩૧ ચો.વાર અને વર્ષ ૨૦૨૦માં જાગાભાઈ રામાભાઈએ પ્લોટ નં.૬, ૧૦૦.૪૪ ચો.વાર કાયદેસર રીતે રજીસ્ટર દસ્તાવેજથી ખરીદેલ હોય જેમાં પણ બચુભાઈ અને તેના પુત્રોએ ગેરકાયદે કબ્જો જમાવીને જમીન પચાવી પાડી હતી. જે બાબતે ચારેય પ્લોટ ધારકોએ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ કલેકટરમાં અરજી કરતા કલેકટરે અરજી મંજુર કરી જસદણ પોલીસને ગુનો દાખલ કરવા હુકમ કર્યો હતો. ફરિયાદ પરથી જસદણ પોલીસે આરોપીઓને અટકમાં લેવા તપાસ આદરી છે.

# અંજારમાં ૧૪ વર્ષિય સગીરા પર દુષ્કર્મ : ગર્ભવતી થતાં ભાંડો ફૂટ્યો

(જી.એન.એસ)ગાંધીધામ,તા.૨૮

અંજાર તાલુકાના ખોખરા પાસે હવસખોરે ૧૪ વર્ષની સગીરાને બાવળની ઝાડીઓમાં લઈ જઈ માતા પિતાને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યા બાદ આ કીશોરી ગર્ભવતી બનતાં પરિવાર ચોંકી ઉઠ્યો હતો. અંજાર પોલીસ મથકે સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદને ટાંકીને મળેલી વિગતો મુજબ, આ ઘટના ત્રણેક માસ પહેલાં બની હતી જેમાં તેમની ૧૪ વર્ષની પુત્રીને રામજી બાવલા કોલી બાવળની ઝાડીઓમાં લઈ ગયો હતો અને માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી કીશોરીની મરજી વિરુધ્ધ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ ડરી ગયેલી કીશોરી કંઈ બોલી ન હતી પરંતુ સમય જતાં ગર્ભ રહેતા આ આખો મામલો બહાર આવ્યો હતો. આ કૃત્યને અંજામ આપનાર વિરુધ્ધ ભોગ બનનાર સગીરાની માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગીર ગઢડાના વેળાકોટથી સનવાવ સુધીનો માર્ગ અતિ બિસ્માર હાલતમાં

ડોળાસા,તા.૨૮

ડોળાસા નજીક ગીર ગઢડા તાલુકાના વેળાકોટથી સનવાવ સુધીનો માર્ગ છેલ્લા ત્રણ વર્ષથી અત્યંત ભંગાર હાલતમાં છે. આ માર્ગ ત્રણ વર્ષથી બિસ્માર હોવા છતાં રિપેર ન કરાતા રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ત્રણ કિમીનાં પેવર રોડનું નિર્માણ ચાર વર્ષ પહેલાં



તસવીર : અનિલ કાનાબાર

થયું હતું. પરંતુ નિર્માણ થયાના વર્ષે જ ચોમાસામાં ભારે વરસાદ અને પુરપ્રકોપના કારણે અઢી કિમીના રોડનું સંપૂર્ણ ધોવાણ થયું હતું. આ વાતને આજ ત્રણ વર્ષ વિતી જવા છતાં ગીર ગઢડા તાલુકાના તંત્રની ઊંઘ હજૂ ઉડી નથી અને ત્રણ વર્ષ દરમિયાન આ રોડનું રિપેરીંગ પણ કરાયું નથી. ત્યારે હાલ આ રોડ અત્યંત ભંગાર હાલતમાં હોય તાત્કાલિક રોડ અંગે કામગીરી કરવા લોકમાંગ ઉઠવા પામી છે. જેને લઈ વેળાકોટ ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્ય ભરતભાઈ ભીલ દ્વારા આ રોડ સત્વરે બનાવવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# માણાવદરના જાંબુડામાં બે પક્ષો વચ્ચે મારામારી : ૧૦ ઈજાગ્રસ્ત

(જી.એન.એસ)જૂનાગઢ,તા.૨૮

જૂનાગઢના માણાવદર તાલુકાના જાંબુડામાં રહેતા વનરાજ મહેશભાઈ જલુને જગમાલભાઈ જલુ સાથે અગાઉ બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેના મનદુઃખના કારણે માણાવદરના બાવાવાડી વિસ્તારમાં શીતળા માતાજીના મંદિર પાસે પ્રફુલ જલુ, હિરેન જલુ, રાજ રમેશ જલુ, કરશન જલુ અને રમેશ જલુએ પાઈપ, લાકડી, કુહાડી વડે દુકાનમાં અને કારમાં તોડફોડ કરી હુમલો કર્યો હતો. જેમાં વનરાજ જલુ, રમેશ બરાડીયા, જતીનભાઈ, જનકભાઈને ઈજાઓ પહોંચી હતી. જયારે સામાપક્ષે પ્રફુલ કરશન જલુએ વનરાજ જલુ, રમેશ બરાડીયા, જનક ડાંગર, જતીન ડાંગર અને નિલદીપ ચુડાસમા સામે પાઈપ, ધોકા વડે હુમલો કરી કારમાં તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી છે. આ મારામારીની ઘટનાને લઈ પોલીસે બંન્ને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. આ મારામારીની ઘટનામાં બંન્ને પક્ષના દસેક લોકો ઈજાગ્રસ્ત બન્યા હોવાથી સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.




# અડવી ગામે ગ્રામ સફાઈ અભિયાન હાથ ધરાયું : જંતુનાશક દવાનો છંટકાવ કરાશે

ડોળાસા, તા.૨૮

કોડીનાર તાલુકાના અડવી ગામે ગ્રામ પંચાયત અને ગ્રામજનોના સહયોગથી ગામની દરેક શેરીઓમાં સફાઈ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. ડોળાસા નજીક આવેલા અડવી ગામે ચોમાસાની શરૂઆત પહેલાં ગામની દરેક શેરીઓમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનને અડવી ગ્રામ પંચાયત અને ગામલોકોના સહયોગથી સફળતા મળી હતી. આ તકે અડવી



ગામના સરપંચ મનુભાઈ ડોડીયા, ઉપસરપંચ અજીતભાઈ પરમાર અને ગ્રામ પંચાયતના સદસ્યો ગામલોકો સાથે ઉપસ્થિત રહ્યા હતા. મનુભાઈએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન ગામમાં કોઈપણ પ્રકારનો રોગચાળો ન ફેલાય તે અંગે તકેદારીના ભાગરૂપે સંપૂર્ણ ગામમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ કરવામાં આવશે.

# કોડીનારના દેવલપુરમાં યુવાને ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

કોડીનાર, તા.૨૮

કોડીનાર તાલુકાના દેવલપુર ગામે યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે કોડીનાર પોલીસમાં દાનાભાઈ સામતભાઈ ભેડાએ જાહેર કરતા કોડીનાર પોલીસ સ્ટેશનના પીએસઓએ વિગત આપતા જણાવ્યું હતુ કે, જાહેર કરનાર દાનાભાઈ બપોરના પોતાની વાડીએ હતા. તે દરમિયાન તેમના ભત્રીજા મુકેશની ઘરવાળી લક્ષ્મીનો દાનાભાઈ પર ફોન આવ્યો હોય અને ફોનમાં જણાવ્યું હતુ કે, મુકેશ ઘરનો દરવાજો બંધ કરીને અંદર છે અને દરવાજો ખોલતા નથી. તે બાદ દાનાભાઈ તાત્કાલિક ઘરે પહોંચતા ઘરનો દરવાજો બંધ હોય બાજુની બારી તોડી અંદર પ્રવેશતા સામે મુકેશ પીઢીયાની કડીમાં બાંધી ગળાફાંસો ખાધેલ લટકતી હાલત જોવા મળ્યો હતો. જેથી મુકેશને નીચે ઉતારી વાહન મારફત કોડીનાર હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. હોસ્પિટલ ખાતે ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. જે બાદ પોલીસે લાશનું પીએમ કરાવી ગળાફાંસો ખાવાનું કારણ જાણવા તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# જમ્મુને હચમચાવી નાખવાનું ષડયંત્ર નિષ્ફળ બનાવતી કાશ્મીર પોલીસ

(એ.આર.એલ),જમ્મુ,તા.૨૮

જમ્મૂ-કાશ્મીરમાં પોલીસ પાસેથી મળેલી જાણકારી અનુસાર સિદ્ધડામાં બત્રા હોસ્પિટલની નજીક હાઈવે પર એક કચરામાં કાળા કલરનો ડબ્બો જોઈને લોકોને શંકા ગઈ અને પોલીસને જાણ કરી. માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. આ વચ્ચે એસએસપી જમ્મુ ચંદન કોહલી પણ ત્યાં પહોંચી ગયા હતા. ડબ્બાને જોતા શંકા ઉભી થઈ અને સુરક્ષાદળોએ તત્કાલ જમ્મુ-શ્રીનગર હાઈવે પર વાહનોની અવરજવર બંધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈવેની બંને તરફ વાહનોની અવરજવર બંધ કરવામાં આવી



અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને જાણ કરવામાં આવી હતી.

બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે ડબ્બાને કચરાપેટીમાંથી બહાર કાઢ્યો અને એક સુરક્ષિત જગ્યાએ લઈને તેને ખોલ્યો હતો. ડબ્બામાં આતંકીઓએ ટાઈમરની સાથે આઈઈડી લગાવી હતી. દળમાં સામેલ જવાનોએ સુરક્ષિત રીતે વિસ્ફોટને નિષ્ક્રિય બનાવી દીધો હતો.

# ખેડૂતોને રાહત: કેન્દ્ર સરકારે ખાતરની સબસિડીમાં વધારો કર્યો

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૨૮

સબસિડી વધારવાના નિર્ણયથી હવે કિસાનોને મળનાર ખાતરના ભાવ વધશે નહીં અને તે જૂના ભાવે મળતું રહેશે. કેબિનેટના નિર્ણયની જાણકારી આપતા સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે ડીએપી ખાતરની પ્રતિ બેગ પર મળનારી સબસિડીને ૧૬૫૦ રૂપિયાથી વધારી ૨૫૦૧ રૂપિયા કરી દેવામાં આવી છે. એટલે કે ખાતરની એક બેગ પર સબસિડીમાં ૮૫૦ રૂપિયાનો વધારો થયો છે. તેની અસર તે થશે કે ડીએપી ખાતરની એક બેગ પહેલાની જેમ ૧૩૫૦ રૂપિયા પર મળતી રહેશે. અનુરાગ ઠાકુરે જણાવ્યુ કે આ સબસિડી આ વર્ષે



ખરીફ સિઝન માટે વધારવામાં આવી છે અને વધેલી સબસિડી ૩૦ સપ્ટેમ્બર સુધી લાગૂ રહેશે. એટલે કે ખરીફ સિઝનમાં ડાંગર અને અન્ય પાકની ખેતી માટે કિસાનોને આ વર્ષે પણ પહેલાના ભાવ પર ખાતર મળતું રહેશે. ઠાકુર પ્રમાણે આંતરરાષ્ટ્રીય બજારમાં ફર્ટિલાઈઝરના ભાવ વધવા છતાં સરકારે કિસાનો પર તેની અસર પડવા દીધી નથી.

# દેશમાં ૨૪ કલાકમાં ૩૩૦૩ કોરોના કેસ: ૩૯નાં મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોનાના કેસ સમાપ્તી તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે જ અચાનક કોરોનામાં ભારે ઉછાળો જોવા મળ્યો છે, જેના લીધે ચિંતામાં વધારો કર્યો છે, કોરોનાના નવા કેસમાં અચાનક ઉછાળો આવતાની સાથે જ કેન્દ્ર સરકારે અગમચેતી પગલાં ભરીને રાજ્યોને એલર્ટ રહેવા માટે સૂચના આપી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૩૩૦૩ નવા કેસ નોંધાયા છે. આ આંકડો ગઈકાલ કરતાં ૧૨.૮ ટકા વધુ છે.

આ સાથે, દેશમાં કોવિડ સંક્રમિતોની કુલ સંખ્યા હવે વધીને ૪ કરોડ ૩૦ લાખ, ૬૮ હજાર ૭૯૯ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૩૯ લોકોના મોત પણ થયા છે. દેશમાં કોવિડના કારણે અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨૩ હજાર ૬૯૩ લોકોના મોત થયા છે.

# રાજીવ ગાંધીના હત્યારાને છોડવા માટે મંજૂરી કેમ આપતા નથી? : સુપ્રીમનો કેન્દ્રને સવાલ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી હત્યા કેસમાં કેન્દ્રને સવાલ પુછ્યા છે. કોર્ટે કેન્દ્રને પૂછ્યું છે કે ૩૬ વર્ષની સજા ભોગવી ચૂકેલા એજી પેરારીવલનને કેમ છોડી ન શકાય? સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે જ્યારે જેલમાં ટૂંકી સજા કાપી રહેલા લોકોને મુક્ત કરવામાં આવી રહ્યા છે ત્યારે કેન્દ્ર શા માટે પેરારીવલનને છોડવા માટે સંમત થઈ શકતું નથી.સર્વોચ્ચ અદાલતે કહ્યું કે પ્રથમ દષ્ટિએ એવું લાગે છે કે રાજ્યપાલનો નિર્ણય ખોટો અને બંધારણની વિરુદ્ધ છે કારણ કે તેઓ રાજ્ય કેબિનેટની સલાહથી બંધાયેલા છે. તેમનો નિર્ણય બંધારણના સંઘીય માળખા પર પ્રહાર કરે છે. જસ્ટિસ એલએન રાવ અને બીઆર ગવઈની ખંડપીઠે કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજનને એક સપ્તાહમાં યોગ્ય દિશાનિર્દેશો મેળવવા કહ્યું છે, અન્યથા તેઓ પેરારીવલનની અરજી સ્વીકારશે અને આ કોર્ટના અગાઉના નિર્ણય મુજબ તેમને મુક્ત કરવામાં આવશે. કેએમ નટરાજને કહ્યું કે કેટલીક પરિસ્થિતિઓમાં રાષ્ટ્રપતિ સક્ષમ અધિકારી હોય છે અને રાજ્યપાલ નથી, ખાસ કરીને જ્યારે મૃત્યુદંડને આજીવન કેદમાં ફેરવવી પડે છે.

# અમેરિકામાં મિસિસિપીની હોટલમાં અંધાધૂંધ ગોળીબાર : ૪ના મોત

વોશિગ્ટન, તા.૨૮

અમેરિકામાં મિસિસિપીના ગલ્ફ કોસ્ટ પરની એક હોટલમાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા છે. આ પછી શંકાસ્પદને પોલીસ દ્વારા થોડે દૂરથી પકડી લેવામાં આવ્યો હતો. ગલ્ફપોર્ટ પોલીસે જણાવ્યું હતું કે શંકાસ્પદ એક બિઝનેસ કોમ્પ્લેક્સની અંદર બંધ હતો. અધિકારીઓએ વિસ્તારને સીલ કરી દીધો હતો. ઓફિસર હેન્ના હેન્ડ્રીએ જણાવ્યું કે અધિકારીઓએ શંકાસ્પદ વ્યક્તિને આત્મસમર્પણ કરવાનું પણ કહ્યું હતું. બિલોક્સી પોલીસ વિભાગના કેપ્ટન મિલ્ટન હૌસમેને પુષ્ટિ કરી કે ચાર લોકો માર્યા ગયા છે, પરંતુ તેમની ઓળખ જાણી શકાઈ નથી.પોલીસે જણાવ્યું કે ગોળીબાર સવારે ૯ વાગ્યાની આસપાસ બિલોક્સી બ્રોડવે ઈનમાં થયો હતો. પોલીસે જણાવ્યું કે બંદૂકધારી ભાગી ગયો અને પછી લગભગ ૧૩ માઈલ દૂર ગલ્ફપોર્ટમાં અન્ય પીડિતા પર હુમલો કર્યો. જે બાદ પોલીસે તેને પકડી લીધો હતો.

# ઈન્ડોનેશિયાએ પામ તેલની નિકાસ બંધ કરતા ભારતમાં તેલના ભાવ ભડકે બળશે

રાજકોટ, તા.૨૮

આજથી ઈન્ડોનેશિયાએ ભારતમાં પામતેલની નિકાસ બંધ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. ભારત ૫૦ ટકા પામતેલની આયાત ઈન્ડોનેશિયાથી કરે છે. ઈન્ડોનેશિયાની આયાત-નિકાસની પોલિસીની સીધી જ અસર ભારતના તેલબજાર પડશે અને ખાદ્યતેલની અછત વર્તાય એવાં એંધાણ જોવા મળ્યાં છે. એક તરફ દરેક તેલના ભાવ આ વર્ષે આસમાને પહોંચ્યા છે, ત્યારે બીજી તરફ, ઈન્ડોનેશિયાએ પામતેલની



નિકાસ બંધ કરતાં મુશ્કેલી વધી શકે છે. આગામી દિવસોમાં પામતેલના ભાવ હજી વધી શકે છે. છેલ્લા આઠ દિવસમાં જ પામતેલમાં ડબે ૫૦ રૂપિયાનો ભાવ વધ્યો છે. બીજી તરફ, સનફ્લાવરનો ભાવ ઓલ ટાઈમ હાઈ બન્યો છે. પામતેલનો ડબો ૨૫૫૦માં મળતો, એમાં ૫૦ રૂપિયાનો ભાવ વધતાં હવે ૨૬૦૦થી વધુમાં મળે છે. ૨૭૫૦ રૂપિયામાં મળતા સિંગતેલના ડબામાં ૫૦ રૂપિયાનો ભાવ વધતાં હવે ૨૮૦૦માં મળે છે. ૨૭૦૦માં મળતા કપાસિયા તેલના ડબામાં ૫૦ રૂપિયાનો વધારો થતાં હવે ૨૭૫૦ રૂપિયામાં મળે છે. સૌથી વધુ સનફ્લાવરના તેલમાં તેજી આવી છે. એમાં ૧૫૦ રૂપિયાનો ભાવ વધારો થતાં હાલ ૨૯૦૦ રૂપિયામાં એક ડબો મળી રહ્યો છે.

# કોલકાત્તાએ દિલ્હીને જીતવા માટે ૧૪૭ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ તા.૨૮

મુંબઈ ખાતે રમાઈ રહેલી આઈપીએલની મેચમાં દિલ્હીએ ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. કોલકાત્તાએ ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૬ રન બનાવ્યાં હતાં. જેમાં નીતિશ રાણાએ ૫૭, શ્રેયસ અય્યરે ૪૨, રિંકુ સિંહે ૨૩ રનનું યોગદાન આપ્યું હતું. દિલ્હી તરફથી કુલદીપ યાદવે ૪, મુસ્તફિઝુર રહેમાને ૩,



ચેતન સાકરિયા અને અક્ષર પટેલે એક - એક વિકેટ ઝડપી હતી. આ લખાય છે ત્યારે ૧૪૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં દિલ્હીએ ૯ ઓવરમા બે વિકેટે ૮૦ રન બનાવી લીધાં હતાં.

# કેન્દ્ર ૬૮% ઈંધણ ટેક્સ લે છે, તેમ છતાં રાજ્યો જવાબદાર કેમ ? : રાહુલનો ટોણો

નવી દિલ્હી તા.૨૮

તાજેતરના દિવસોમાં પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ અંગે વિપક્ષી દળો સતત કેન્દ્ર સરકારને ઘેરી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર આ મુદ્દે કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. તેમણે ટોણો માર્યો છે કે, ઈંધણના વધતા ભાવો માટે રાજ્યને દોષી ઠેરવવામાં આવે છે, જ્યારે તમામ ઈંધણ કરમાંથી ૬૮% કેન્દ્ર દ્વારા લેવામાં આવે છે.રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું કે



ઈંધણના ઊંચા ભાવ - રાજ્યની ભૂલ, કોલસાની અછત - રાજ્યની ભૂલ, ઓક્સિજનની અછત - રાજ્યની ભૂલ. તમામ ઈંધણ કરમાંથી ૬૮% કેન્દ્ર દ્વારા એકત્રિત કરવામાં આવે છે. તેમ છતાં પીએમ જવાબદારીથી દૂર રહે છે. મોદીનો સંઘવાદ સાથીદાર નથી. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓની બેઠકમાં વિપક્ષ શાસિત રાજ્યોને પેટ્રોલ અને ડીઝલ પર વેટ ઘટાડવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે ગયા વર્ષે એક્સાઈઝમાં ઘટાડો કર્યો હતો. આ પછી ભાજપ શાસિત રાજ્યોએ વેટમાં ઘટાડો કરીને જનતાને રાહત આપી છે. પરંતુ વિપક્ષ શાસિત રાજ્યોમાં આવું થયું નથી.

# દેશના અનેક રાજ્યોમાં ગરમીનું તાંડવ યથાવત

નવીદિલ્હી,તા.૨૮

સમગ્ર ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ગરમીનું તાંડવ યથાવત છે. ભારતીય હવામાન વિભાગની લેટેસ્ટ અપડેટ મુજબ દિલ્લી સહિત ગુજરાત, રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશમાં લૂની સંભાવના છે અને આ રાજ્યોમાં પારો ૪૦થી ૪૪ ડિગ્રી વચ્ચે રહી શકે છે. માટે આ બધી જગ્યાએ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.હવામાન વિશેષજ્ઞોએ ચેતવણી જાહેર કરીને કહ્યુ કે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ ભારતમાં ચાલી રહેલ હીટવેવ હવે લોકોને ઘણા હેરાન કરશે માટે બધાએ સાવચેત રહેવાની જરુર છે. ઘરની બહાર નીકળો ત્યારે માથુ અને શરીર ઢાંકીને રાખવુ. હવામાનની માહિતી આપતા સ્કાઈમેટે પણ આવતા ૨૪ કલાક દરમિયાન ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્લી, મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ, આંતરિક ઓરિસ્સા, બિહાર, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં લૂ લાગવાની સંભાવના વ્યક્ત કરી છે.

# સાયબર ક્રાઈમને ડામવા માટે કેન્દ્ર સરકારે કર્યો મહત્વનો નિર્ણય

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૨૮

સાયબર ક્રાઈમ વિશે માહિતી લોકો સુધી પહોંચાડવા માટે તમામ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.સાયબર ક્રાઈમ વિશે જાણકારી આપવા માટે ૧૦૦ કરોડથી વધુ SMS મોકલવામાં આવ્યા. સાયબર ક્રાઈમ રોકવા માટે અને સાયબર સુરક્ષા ટિપ્સ માટે અલગ-અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે.



સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રચાર કરવામાં આવ્યો. સાથે જ વિદ્યાર્થીઓ માટે ખાસ હેન્ડબુક પ્રસારિત કરવામાં આવી છે. તો અલગ-અલગ રાજ્યોમાં પોલીસ વિભાગના સહયોગથી સી-ડેક માધ્યમથી સાયબર સુરક્ષા જાગૃતિ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય અને સંઘ પ્રદેશોને ૬ ઓક્ટોબર ૨૦૨૧થી દરેક અઠવાડિયાના પહેલા બુધવારે ૧૧ વાગ્યે સાયબર સુરક્ષા દિવસનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી હતી. સાથે જ છઠ્ઠા ધોરણથી ૧૨માં ધોરણ સુધી તમામ સ્ટ્રીમ્સ માટે સાયબર સ્વચ્છતામાં અભ્યાસક્રમ શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે.

# રશિયા પાસેથી રૂબલમાં ગેસ ખરીદવા યુરોપિયન દેશો તૈયાર

મોસ્કો,તા.૨૮

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને તાજેતરમાં માંગ કરી છે કે કુદરતી ગેસના ખરીદદારોને રૂબલમાં ચૂકવણી કરવામાં આવે. તેણે ધમકી આપી હતી કે જે કોઈ ખરીદદાર રૂબલમાં પેમેન્ટ નહીં કરે, તેનો ગેસ સપ્લાય બંધ કરી દેવામાં આવશે. હવે રિપોર્ટ અનુસાર યુરોપના ૪ દેશોએ પુતિનની શરત સ્વીકારી લીધી છે. આ દેશો રશિયાના ચલણ રૂબલમાં જ ગેસ ખરીદી રહ્યા છે. જો કે આ ચાર દેશોના નામ આપવામાં આવ્યા નથી.અહેવાલ અનુસાર, રશિયન ગેસ જાયન્ટ ગેઝપ્રોમ પીજેએસસીના સ્ત્રોત અનુસાર, ચાર યુરોપિયન ગેસ ખરીદદારોએ રુબલમાં સપ્લાય માટે ચૂકવણી કરી દીધી છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આવી માંગણી કરી હતી. સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું "અન્ય ખરીદદારોએ ક્રેમલિનની શરતોને નકારી હોવા છતાં, કેટલાક દેશો પુતિન સામે ઝૂકી રહ્યા છે," બુધવારે, રશિયાએ પોલેન્ડ અને બલ્ગેરિયાને ગેસ સપ્લાય બંધ કરી દીધી.

# હિંદી ભાષાને લઈને અજય દેવગન અને કિચ્ચા સુદીપ વચ્ચે ટ્વિટર યુધ્ધ

(સં. સ. સે.) મુંબઈ, તા.૨૮

અજય દેવગણ એ બોલિવુડ કલાકારોમાંથી છે, જે પોતાના કામથી જ કામ રાખે છે અને વિવાદોથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે. સોશિયલ મીડિયા પર નિવેદનો આપવાથી પણ બચતો રહે છે. જોકે, આ વખતે હિંદી ભાષાને લઈને સાઉથ સિનેમાના વિલન કિચ્ચા સુદીપએ કંઈક એવું કહી દીધું કે, અજય દેવગણ તેને જવાબ આપ્યા વિના ન રહી શક્યો. રનવે ૩૪ના એક્ટરે ટ્વિટ કરી કિચ્ચા સુદીપને હિંદીનું અપમાન કરવા માટે ઘણું કહી દીધું. હાલના દિવસોમાં જ્યાં બોલિવુડની બોક્સ ઓફિસો પર પણ સાઉથ સિનેમાનું રાજ ચાલી રહ્યું છે, ત્યારે આ ઈન્ડસ્ટ્રીનો વિલન કિચ્ચા સુદીપ એક ઈન્ટર્વ્યુને લઈને ઘણો ચર્ચામાં છે. કિચ્ચાએ પોતાના ઈન્ટર્વ્યુમાં કહ્યું હતું કે, હિંદી આપણી રાષ્ટ્રભાષા નથી. અજય દેવગણે તેની આ વાત પર તેને જવાબ આપ્યો છે. અજય દેવગણે ટ્વિટર પર કિચ્ચા સુદીપને ટેગ કરતા લખ્યું છે કે, 'કિચ્ચા સુદીપ, મારા ભાઈ, તમારા મુજબ જો હિંદી અપાણી રાષ્ટીય ભાષા નથી તો તમે તમારી માતૃભાષાની ફિલ્મોને હિંદીમાં ડબ કરી કેમ રિલીઝ કરો છો? હિંદી આપણી માતૃભાષા અને





રાષ્ટ્રીય ભાષા હતી, છે અને હંમેશા રહેશે. જન ગણ મન. જોકે, કિચ્ચા સુદીપે પણ અજયની આ ટ્વિટ પર તાત્કાલીક પોતાનો પક્ષ રજૂ કર્યો. તેણે કહ્યું કે, હેલો, અજય દેવગણ સર, જે કોન્ટેસ્ટમાં મેં એ વાત કરી, મને લાગે છે તે તમારી પાસે ઘણી અલગ રીતે પહોંચી છે.' તેણે કહ્યું કે, તેની વાતને ખોટી રીતે લેવાઈ છે, તેના કહેવાનો અર્થ કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો કે કોઈ વિવાદને પ્રોત્સાહન આપવાનો ન હતો. તેણે કહ્યું કે, હું એવું શા માટે કરું, સર. તેણે વધુમાં લખ્યું કે, સર, તમે જે હિંદીમાં ટેક્સ્ટ લખ્યા છે, તે હું સમજી ગયો અને તે એટલા માટે આપણે બધાએ હિંદીનું સન્માન કર્યું છે, પ્રેમ કર્યો અને શીખ્યા છીએ. કોઈ અપમાન નથી કરી રહ્યું સર પરંતુ વિચારી રહ્યો હતો કે જો મેં મારો જવાબ કન્નડમાં ટાઈપ કર્યો હોત તો શું સ્થિતિ હોત. શું અમે પણ ભારતના નથી સર. ઉલ્લેખનીય છે કે, કિચ્ચા સુદીપે કહ્યું હતું કે, પાન ઈન્ડિયા ફિલ્મો કન્નડમાં બની રહી છે અને હું તેમાં એક કરેક્શન કરવા ઈચ્છીશ.

# આઈપીએલ ઈતિહાસમાં અશ્વિને ૧૫૦ વિકેટ ઝડપી

(એ.આર.એલ),પુણે,તા.૨૮

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૨ ભારતીય બોલરો માટે શાનદાર સાબિત થઈ રહી છે. કેમ કે આ સિઝનમાં ભારતનો સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિન ફરી એકવખત ફૂલ ફોર્મમાં આવી ગયો છે. ઓફ સ્પિનરે શાનદાર પ્રદર્શન કરતાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. અશ્વિને હાલની આઈપીએલ સિઝનમાં રોયલ ચેલેન્ઝર્સ બેંગલુરુ સામે ધમાકેદાર પ્રદર્શન



કરતાં પોતાની ટીમને મોટી જીત અપાવી હતી. અશ્વિને આ મેચમાં ૪ ઓવર બોલિંગ કરી. જેમાં માત્ર ૧૭ રન આપીને ૩ મોટી વિકેટ ઝડપી. તેની સાથે જ અશ્વિને આઈપીએલ ઈતિહાસમાં પોતાની ૧૫૦ વિકેટ પૂરી કરી. આ સિદ્ધિ મેળવનારો તે આ લીગનો આઠમો બોલર બની ગયો છે.

# ફેસબુકમાં મિત્રતા કેળવી હનીટ્રેપમાં ફસાવી લાખોનો તોડ કરતી ગેંગ ગોંડલથી ઝડપાઈ



રાજકોટ, તા.૨૮

ફેસબુક પર ફેક આઈડી બનાવી યુવાનો સાથે સંપર્ક કેળવી હનીટ્રેપમાં ફસાવવાના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે ૧૫ દિવસ પહેલા ગોંડલ તાલુકાના ચરખડી ગામ પાસે ભેસાણના યુવાનને મહિલા સહિત કેટલાક શખ્સોએ હનીટ્રેપમાં ફસાવી મોબાઈલ ફોન, રોકડ રકમની લૂંટ ચલાવી હતી. જે અંગે એલસીબી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી તાલુકાના શ્રીનાથગઢ ગામ પાસે બાતમીના આધારે એક મહિલા સહિત ચાર શખ્સોને ગોંડલથી રૂ.૫.૪૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. ભેસાણ રહેતા અતુલ પટેલ નામના યુવાન સાથે પંદર દિવસ પહેલા પુજા પટેલ નામના ફેસબુક આઈડી પરથી એક યુવતીએ મિત્રતા કરી હતી. તા.૨૫ના રોજ ઉમરાળી ચોકડીએ અતુલ પટેલને મળવા બોલાવ્યો હતો. બાદમાં તેના બાઈક પાછળ યુવતી બેસી ગઈ હતી. બન્ને થોડે દૂર જતા જ નંબર પ્લેટ વગરની સફેદ કલરની સ્વીફ્ટ કારમાં ત્રણ શખ્સો ધસી આવ્યા હતા અને અતુલ પટેલને રોકી 'અમારી બહેનને કયાં લઈ જાય છે' કહી મારામારી કરીને મોબાઈલ, રોકડાની લૂંટ ચલાવી હતી. જે બાદ નંબર વગરની સ્વીફટ ગાડીમાં બેસી ચારેય આરોપીઓ નાસી ગયા હતા.

# અમદાવાદના ચકચારી આઈશા આત્મહત્યા કેસમાં કોર્ટે પતિને ૧૦ વર્ષની સજા ફટકારી





(એ.આર.એલ)અમદાવાદ,તા.૨૮

અમદાવાદના ચકચારી આયેશા આત્મહત્યા કેસ મામલે સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સેશન્સ કોર્ટે આયેશાના પતિ આરીફને દોષિત જાહેર કર્યો છે અને કોર્ટે દોષિત આરીફને ૧૦ વર્ષની સજા ફટકારી છે. કોર્ટે આયેશાએ મરતા પહેલા બનાવેલા વીડિયોને મહત્વનો પુરાવો ગણ્યો હતો અને તેના આધારે આરોપીને સજા ફટકારી હતી. તા.૨ ફેબ્રુ. ૨૦૨૧એ સાબરમતી રિવરફ્રન્ટમાં યુવતીએ પતિ સાથેના કંકાસમાં આત્મહત્યા કરી હતી. યુવતીએ આત્મહત્યા કરતા પહેલા સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ કર્યો હતો. કોર્ટે વીડિયોને આધારે આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી છે. કોર્ટે આ ઘટનામાં નોંધ્યું છે કે સમાજમાં ઘરેલુ હિંસા ઘટાડવા આરોપીને ન બક્ષી શકાય. જેથી આરોપીના વોઈસ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો તે રિપોર્ટને મહત્વનો પુરાવો ગણ્યો હતો. આત્મહત્યા કરતા પહેલા આયેશાએ તેના પતિ આરીફ સાથે ૭૦ થી ૭૨ મિનિટ વાત કરી હતી, જેમાં તેણે આયેશાને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણા આપી હોવાનું સાબિત થાય છે. સાથે દોષિત આરીફે આયેશાને માર મારતા તેને ગર્ભપાત પણ થયો હતો તે મેડિકલ રિપોર્ટને પણ કોર્ટ સજાનું એલાન કરતા સમયે ધ્યાને લીધા હતા.

# ઘુંટાતુ રહસ્ય : સોખડાનાં સ્વામીનું મોત ગળાફાંસો ખાઈ થયું હોવાની સંભાવના



(એ.આર.એલ)વડોદરા,તા.૨૮

સોખડા સ્વામિનારાયણ મંદિરમાં ગુણાતીત સ્વામી બ્રહ્મલીન થયા છે. મોડી રાત્રે ગુણાતીત સ્વામીને હાર્ટએટેક આવ્યો હતો. જો કે પ્રબોધ સ્વામી જૂથના હરિભક્તોએ ગુણાતીત સ્વામીના નિધનના કારણ અંગે શંકા વ્યક્ત કરી છે. પ્રબોધ સ્વામીના જૂથે કલેક્ટર કચેરીએ પહોંચી આ અંગે તપાસની માંગ કરતા ગુણાતીત ચરણ સ્વામીની અંતિમક્રિયા અટકાવવામાં આવી છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. મહત્વનું છે કે, સોખડા સ્વામિનારાયણ મંદિરમાં છેલ્લા ઘણા સમયથી પ્રબોધ સ્વામી અને પ્રેમ સ્વરૂપ સ્વામી જૂથ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. પ્રબોધ સ્વામીના જૂથે મંદિર છોડી દીધું છે. નોંધનીય છે કે, ગુણાતીત સ્વામીના મૃત્યુ બાદ તેમની અંતિમ ક્રિયાની વિધિ હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેમનું મોત શંકાસ્પદ જણાતા તેઓની અંતિમવિધિ રોકવામાં આવી હતી. ત્યારે હરીધામ સોખડાના ગુણાતીત સ્વામીનું મોત ફાંસો ખાવાથી નિપજ્યું હોવાનું વડોદરાની સયાજી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. રંજન ઐયરે જણાવ્યું હતું.

# રાજકોટમાં જૂની અદાવતને લઈ જૂથ અથડામણ : ૪ ઈજાગ્રસ્ત, બેની ધરપકડ



રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરની સેન્ટ્રલ જેલની પાછળ ત્રેપન ક્વાર્ટરમાં ગઈકાલે રાત્રીના સમયે જૂના ઝઘડાનો ખાર રાખી ત્રણ મહિલા સહિત ૯ શખ્સે પિતરાઈ ભાઈઓ પર ઘાતક હથિયારો સાથે ખૂની હુમલો કર્યો હતો. આ હુમલામાં ઘવાયેલા બંને યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. જ્યારે સામા પક્ષે પણ મારામારીમાં બે વ્યક્તિ ઘવાયા હતા. તેઓને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસમાં સામસામી ફરિયાદને લઈ ૧૨ શખ્સો સામે હત્યાનો પ્રયાસ, રાયોટિંગ તેમજ મારામારી અંગેની કલમ હેઠળ ગુનો નોંધાયો છે. જયારે મુખ્ય આરોપી પિતા-પુત્ર રહીમ ખીરા અને હુસૈન ખીરાની ધરપકડ કરવામાં આવી છે.

# કચ્છના જખૌમાંથી ઝડપાયેલા કરોડોના હેરોઈન કેસમાં દિલ્હીથી ચારની ધરપકડ



(એ.આર.એલ)નવીદિલ્હી,તા.૨૮

કચ્છના જખૌની દરિયાઈ સીમામાંથી પકડાયેલ ૨૮૦ કરોડના હેરોઈન કેસમાં દિલ્હી એનસીબીએટીએસ સંયુક્ત ઓપરેશનમાં દિલ્હીથી ચાર આરોપીની ધરપકડ કરાઈ છે. જેમાં મુઝફ્ફરનગરની એક ફેક્ટરીમાંથી ૩૫ કિલો ડ્રગ્સ મળી આવ્યું. જે મામલે દિલ્હી NCBએ ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે. ગુજરાત એટીએસ અને દિલ્હી એનસીબીના સંયુક્ત ઓપરેશનથી હેદર રાજીની મુઝફ્ફરનગરમાં આવેલી ફેક્ટરીમાં દરોડા પાડી ૩૫ કિલો ડ્રગ્સ પકડયું. જે બાદ ઈમરાન આમીર, અવતારસિંહ અને અબ્દુલ ખાલીકની ધરપકડ કરવામાં આવી છે. ફેકટરીમાં મળી આવેલ ડ્રગ્સ બાબતે દિલ્હી NCBએ ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે. ત્યારે અન્ય બે આરોપીને ભુજ કોર્ટમાં હાજર કરી રિમાન્ડ મેળવ્યા છે.

# ટ્રિપલ તલાકમાં છટકબારી! : સુરતમાં કાયદાના તોડથી ૨૩૦૦ તલાકનામા થયા હોવાનો ઘટસ્ફોટ

## ડોક્યુમેન્ટમાં દર મહિને અપાતા એક તલાક



(સં.સ.સે.) સુરત,તા.૨૮

દેશમાં ટ્રિપલ તલાકનો કાયદો અમલમાં આવ્યો છે ત્યારથી આ મામલે વિવાદ ચાલી રહ્યો છે. જોકે, સુરતમાં કાયદાનું ઉલ્લંઘન પણ થઈ રહ્યું છે. કારણ કે, કાયદો અમલમાં આવ્યા બાદ હવે આ કાયદાનો તોડ શોધી કાઢવામાં આવ્યો છે. હાલ તલાક મામલે વકીલો જે ડોક્યુમેન્ટ બનાવી રહ્યા છે એમાં તલાકની રૂપરેખા એવી રીતે બતાવવામાં આવી રહી છે, જેનાથી કાયદાની છટકબારીનો લાભ મળે. આ અંગે એડવોકેટ ઈલ્યાસ પટેલ કહે છે, છડેચોક છેતરપિંડી ચાલી રહી છે. કાયદાની છટકબારીનો લાભ લેવાય છે. ખરેખર તો જ્યારે-જ્યારે તલાક આપવામાં આવે ત્યારે ડોક્યુમેન્ટ બનાવવાના હોય. ડોક્યુમેન્ટમાં દર મહિને એક તલાક બતાવવામાં આવે છે. ધારો કે એક તલાક જાન્યુઆરીમાં આપવામાં આવે તો બીજો ફેબ્રુઆરી અને ત્રીજો માર્ચમાં, સુરતમાં આ રીતે ૨૩૦૦ તલાકનામાં થયાં હોવાનું અગ્રણી નોટરી દ્વારા જણાવાયું હતું. ડોક્યુમેન્ટ પર થતા તલાકની આ તદ્દન નવી જ પ્રથા છે. અગાઉ આ રીતના તલાકનામાં બનતાં જ ન હતાં. તલાકના ડોકયુમેન્ટની આ નવી પ્રથામાં બંને પક્ષની સહમતી હોય છે. આ પ્રકારના તલાક ગેરકાયદે હોઈ ૩ વર્ષની સજા અને રોકડ દંડ થઈ શકે છે. કાયદા બાદ કોઈપણ સ્વરૂપમાં અપાયેલા ટ્રિપલ તલાક એ પછી મૌખિક હોય, લેખિત હોય કે મેસેજ દ્વારા હોય, એ ગેરકાયદે ગણાય છે.

# ગાડીમાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા મહારાષ્ટ્રના લોકોની ગુજરાતના પેટ્રોલપંપ પર પડાપડી



(સં.સ.સે.) વલસાડ,તા.૨૮

ગુજરાતમાં ઈંધણના ભાવ ઓછા હોવાથી મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોમાંથી લોકો તેમની ગાડીની ટાંકી ભરવા માટે આવી રહ્યાં છે. વલસાડ જિલ્લાની બોર્ડર પર આવેલ નેશનલ હાઈવેના પેટ્રોલપંપ પર વાહનોની કતારો લાગી રહી છે. મહારાષ્ટ્રના લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા ગુજરાત આવી રહ્યા છે. રાજ્ય સરકારોની ભેદભાવ નીતિના કારણે દરેક રાજ્યમાં ઈંધણના ભાવમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. બીજી બાજુ મોંઘવારીના મારથી સામાન્ય માણસ બે પૈસા બચે તેવી આશામાં હોય મહારાષ્ટ્ર બોર્ડર પર રહેલા લોકો ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા આવી રહ્યા છે. એટલે એવું કહી શકાય કે મહારાષ્ટ્રના લોકો ગુજરાત આવવા મજબૂર છે. ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ મહારાષ્ટ્રથી સસ્તું મળી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ગુજરાત કરતા પેટ્રોલ ૧૩થી ૧૪ રૂપિયા મોંઘુ છે. જ્યારે મહારાષ્ટ્રમાં ગુજરાત કરતા ડીઝલ ૨થી ૩ રૂપિયા મોંઘુ છે.




# સરકાર બદલવાનું કામ કોંગ્રેસ નહિં કરી શકે, એટલે જ અમે 'આપ'માં જોડાયા : રાજ્યગુરૂ



(એ.આર.એલ),રાજકોટ,તા.૨૮

સૌરાષ્ટ્રના કદાવર નેતા ગણાતા એવા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ અને રાજકોટના મનપાના પૂર્વ નેતા વશરામ સાગઠિયા કોંગ્રેસમાંથી રાજીનામું આપીને આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ત્યારે રાજકોટમાં આમ આદમી પાર્ટી અનુસૂચિત જાતિનું મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. જ્યાં ઈન્દ્રનીલ રાજ્યગુરુએ કોંગ્રેસ પર પ્રહાર કરતા જાહેર મંચ પર કહ્યું હતું કે, 'સરકાર બદલવાનું કામ કોંગ્રેસ નહીં કરી શકે, એટલે અમે 'આપ'માં જોડાયા છીએ. રાજ્યગુરુએ મીડિયાને જણાવ્યું હતું કે, હું કોંગ્રેસમાં હતો, ભાજપ સત્તા પર હોય અને લોકોને મૂર્ખ બનાવવાનો પક્ષ બની રહે એ મારી દૃષ્ટિએ લાંછન છે. હંમેશાં લોકો માટે મારે મારો સમય આપવો છે. લોકો માટે સમય આપવો હોય તો ભાજપ કરતાં કોંગ્રેસ સારો પક્ષ છે અને આમ આદમી પાર્ટી વધુ સારી લાગે છે.

# સુરતના રાંદેરમાં બે મિત્રો પર ત્રણ શખ્સો દ્વારા જીવલેણ હુમલો : એકનું કરૂણ મોત



(એ.આર.એલ),સુરત,તા.૨૮

સુરતના રાંદેર સ્થિત મોરાભાગળ વિસ્તારમાં આવેલા મચ્છી માર્કેટમાં સાંજે બે મિત્રો ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ત્રણ જેટલા અજાણ્યા ઈસમો આ બંને મિત્રો પાસે આવી ચઢ્યા હતા અને ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી સલીમ ખલીલને મોતને ઘાટ ઉતારી દીધો હતો. જ્યારે વચ્ચે પડેલા મિત્રને ચપ્પુના ઘા ઝીંકાતા ઈજાગ્રસ્ત હાલતમાં તેને હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. હત્યાની ઘટના બનતા જ રાંદેર પોલીસ સહિત પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. પોલીસે કરેલી પૂછપરછમાં આરીફ, રફીક અને રવિ નામના શખ્સો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હોવાની જાણકારી ઈજાગ્રસ્ત મિત્ર દ્વારા પોલીસને આપવામાં આવી છે. ફાયનાન્સના ધંધામાં ચાલી આવેલી માથાકૂટમાં આ હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







